

# અધ્યાત્મ

વર્ષ : ૧૮ જુલાઈ–૧૯૯૭ અંક : ૧૦

## * વિદ્યા અને અવિદ્યા *

આ ઉપનિષદ્‌નો એક મહત્ત્વનો ઉપદેશ વિદ્યા ને અવિદ્યા વિશેનો છે. તે બંનેના ઠીક ઠીક અર્થના સંબંધમાં વિદ્વાનોમાં આજે પણ મતભેદ છે. તોપણ તેનો ભાવાર્થ ગ્રહણ કરવામાં ખાસ મુશ્કેલી પડે તેમ નથી. વિદ્યા એટલે આત્માનું જ્ઞાન—આત્મવિદ્યા ને અવિદ્યા એટલે લૌકિક કર્મ એવો અર્થ પણ લઇ શકાય છે. જે કેવળ લૌકિક કર્મમાં જ રચ્યાંપચ્યાં રહે છે ને કર્મ, કર્મ ને કર્મ વિના જેમના જીવનનું કોઈ બીજું ધ્યેય નથી, તેવા લોકો દિવસે દિવસે પરમાત્માને ભૂલતા જાય છે, રાગદ્વેષ ને અનેક પ્રકારના દુર્ગુણ તથા મમતા તથા આસક્તિના શિકાર થાય છે, ને જરૂરી શાંતિ નથી મેળવી શકતા. તેમને જો આત્મજ્ઞાનની પ્રીતિ હોય તો તે જ્ઞાનને લીધે વિવેકી બનીને જીવનની ઉન્નતિની દિશામાં તેઓ આગળ વધી શકે છે ને કર્મ કરતાં કરતાં નિર્લેપ રહેવાનું બળ પણ મેળવે છે. બાકી એકલા કર્મની અંદર રત રહેનારા લોકો મોટે ભાગે જડ, લોલુપ ને અવિવેકી બની જાય છે. તે જ અંધકાર છે.

એકલા કર્મની પાછળ પડવાથી જેમ જોખમ છે તેમ એકલા જ્ઞાનની પાછળ પડવાથી પણ છે જ. જ્ઞાનનું અભિમાન ને જ્ઞાનનો નશો હંમેશાં જોખમકારક છે. તેમાં પડીને માણસ બરબાદ બની જાય છે. જ્ઞાનનો ઉપયોગ કરીને માણસે પરમાત્માને ઓળખતાં શીખવાનું છે ને વધારે ને વધારે આગળ વધવાનું છે.

યોગેશ્વરજી

□

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નેવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- □ સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- □ તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- □ સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- □ પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- □ તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૪૨૫૮૧૧
- □ મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- □ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- □ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- □ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- □ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- □ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- □ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- □ 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- □ દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| ઈશ્વર–સાન્નિધ્યની સાધના | યશસ્વીભાઇ ય. મહેતા | ૯ |
| જન્મદિને–અકલ્પ્ય ભેટ | દામિનીબેન શાહ, કેનેડા | ૧૩ |
| તત્ત્વજ્ઞાની રોમન સમ્રાટ માર્ક્સ ઓરેલિયસનું આત્મચિંતન | પં. દેવકૃષ્ણ શાસ્ત્રી | ૨૦ |
| દિવ્ય ખજાનો | જીતુભાઇ ભટ્ટ | ૨૪ |
| હો રાજ રે ! | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૨૬ |
| પ્રાર્થના | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૨૭ |
| તંદુરસ્તીની જાળવણી–ખૂબ જરૂરી | છોટાલાલ ત્રિ. શાહ | ૨૮ |
| યાત્રા–પરમની સંગાથે | સુરેશ શાહ–ટોરન્ટો, કેનેડા | ૩૨ |
| શ્રીગંગાલહરી | પરમાર્થી | ૪૨ |
| અરુણાચલની તળેટીમાં પોલ બ્રન્ટન | યોગેશ્વર | ૪૬ |
| સ્ત્રી સંત–શ્રીઈંદિરાદેવી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૩ |
| મહર્ષિ વ્યાસનો જન્મ | મહાત્મા યોગેશ્વરજી | ૫૬ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૮ જુલાઇ–૧૯૯૭ અંક : ૧૦

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૦–૬–૮૧, બુધવાર, જેઠ સુદ નોમ, ૨૦૩૭**

**સ્થળ : માઉન્ટ આબુ.**

સવારે બરાબર છ વાગ્યે શ્રી કલ્યાણ અહીં આવી જાય છે. તેની સાથે સર્વેશ્વરી નખી તળાવના પેલા શાંત સ્થાનમાં જાય છે. માર્ગમાં મૌન સાથે જપ ચાલુ છે. શ્રી વિજયભાઇ પુરોહિત અને શ્રી મીનાબેન પણ સાથે જોડાય છે. સૌ શાંત સ્થાનમાં બેસીને જપ કરે છે. આઠ વાગ્યે ફરી ઉતારા પર આવી જવાનું બને છે. બારણા પર ટકોરા મારીને હરિઃ ૐ બોલવાનું બને છે, જેથી પૂ. શ્રી દ્વાર ખોલે છે. પૂ. શ્રીના હાથમાં માળા હોય છે.

પાછળથી વાત કરતાં જણાયું કે પૂ. શ્રીએ ૬ વાગ્યે ઊઠી વ્યાયામ, સ્નાન, ગીતાપાઠ કરી રામાયણ લેખન કરી લીધું. તે

પછી જપ કરતાં ઓરડામાં આંટા મારતા હતા ત્યારે જ સર્વેશ્વરી બહારથી આવે છે. પૂ. શ્રી નવ વાગ્યા સુધી જપ કરીને લેખનકાર્ય કરે છે. વચ્ચે થોડો આરામ કરે છે. વળી થોડું લખે છે.

સર્વેશ્વરી પૂ. શ્રી સાથે વાતો કરતાં કહે છે, "આપ દરરોજ બે દોહા સુધીનું જ લેખનકાર્ય કરો પછી આરામ જ કરો તો ના ચાલે?"

પૂ. શ્રી : "પ્રભુએ માંદગીમાંથી બચાવ્યો, ત્યારે તો ૫, ૬ મહિના સુધી કશું લખાતું જ ન હતું ને કલમ જ ક્યાં પકડાતી હતી? તો વળી હવે એની કૃપા થઈ છે તો લખી શકું છું. એટલે જેટલું લખાય એટલું દરરોજ વધારે લખવું જરૂરી છે.

સાડા અગિયારે ભોજનાલય તરફ ભોજન લેવા સૌ જાય છે. ભોજન લેતાં લેતાં પૂ. શ્રી શ્રી નારાયણભાઈ જાનીના પિતાજીની ખાસિયત યાદ કરે છે. તેમની પૂજાપદ્ધતિની પણ વાતો કરે છે. ભોજન બાદ ઉતારા પર પાંચ જ મિનિટમાં આવી જવાય છે. ઉતારાની બહાર ૨૫ જેટલાં ભાઈબેનો પાલનપુરથી આવ્યાં છે. તેઓ બેઠાં છે. પૂ. શ્રી રૂમમાં આવીને બેઠા. બહારગામનાં પણ સૌ આવીને અંદર બેઠા. પૂ. શ્રીના પલંગ પાસે જ શ્રી વિજયભાઈ પુરોહિતના ભાઈ રેવાશંકર બેઠા છે. શ્રી વિજયભાઈ તેમની ઓળખાણ પૂ. શ્રીને આપે છે.

પૂ. શ્રી કહે છે, 'રેવા અને શંકર બંને નામ પવિત્ર છે. એ નામ જીવનને પવિત્ર કરવાનું છે. એવું યાદ કરાવે છે. આપણે કેવા થવાનું છે તે નામ જ શીખવે છે.'

પૂ. શ્રીએ બહારગામથી આવેલા ભાઈઓને કંઈ પૂછવું હોય તો પૂછો એમ કહ્યું, એટલે એક ભાઈ પ્રશ્ન પૂછે છે : "શું કરવાથી કલ્યાણ થાય?"



પૂ. શ્રી : 'કઈ રીતે કલ્યાણ કરવું છે? સાંસારિક રીતે કલ્યાણ કરવું છે? આધ્યાત્મિક રીતે, માનસિક રીતે કે ઘરસંસારમાં, લગ્નજીવનમાં કે ખાવાની બાબતમાં કલ્યાણ કરવું છે?

કલ્યાણ શાસ્ત્રમાં બે બતાવ્યાં છે–'એક સામાન્ય કલ્યાણ ને બીજું આત્યંતિક કલ્યાણ. તમારે કયું કલ્યાણ કરવું છે?

તે ભાઈ : 'આત્માના કલ્યાણ માટે શું કરવું જોઈએ?'

પૂ. શ્રી : 'આત્માના કલ્યાણ માટે ધીરે ધીરે મનને આત્મા તરફ લઈ જવું પડે. જપ કરવા બેસવું પડે. જીવનમાં વ્યસન ન આવે. દુર્ગુણો ન આવે. ખોટા કામો ન થાય. જીવન નિર્મળ બનાવો. સારા પુસ્તકો રોજ વાંચો.'

ભાઈ : 'નામ તો જપીએ છીએ પણ કાંઈ અસર જણાતી નથી.'

પૂ. શ્રી : 'ઘણાં છોકરાઓ હોય તે પુસ્તકો સારાં ખરીદે. માસ્તરો પણ સારા. પણ છોકરાઓએ અસર પાડવી હોય તો પાડી શકે ને?

વિષયોમાં જે પાડાની જેમ પડેલા હોય તેઓને કથા સત્સંગની કોઈ અસર નથી. મનને તૈયાર કરો. મનજી રામ જો તૈયાર ન હોય તો મંત્ર, ગ્રંથ કે સંત કોઈ કામ ન આવી શકે.

ભગવાનને ભજો તો બન્ને હાથમાં લાડુ જ છે. ભજો તો ભગવાનની કૃપા ને માયાની કૃપા પણ મળે. તમારો હિરાઘસુનો ધંધો ચાલુ જ રાખો. નોકરી ન છોડો. (પ્રશ્ન પૂછનાર ભાઈ હીરા ઘસવાનું કામ કરતા હતા) તમારું માનવજીવન હીરા જેવું બનાવો. અમે પણ હીરાઘસુ છીએ. તમે ઘસો છો પત્થરને અમે માનવમનને ઘસીએ છીએ.

સંતો વેવારીયા રે રામનામના
વેપારી આવે ગામગામના.

આટલું ગાયા પછી પૂ. શ્રીએ વિવેક ચૂડામણિનું પુસ્તક કાઢ્યું. શ્લોક વાંચ્યો :

વિદ્વાને પણ મુક્તિ માટે પ્રયત્ન કરવો જોઇએ. ભક્તિમાં લપેટાઇ ન રહેવું. વિદ્વાને પણ ઉત્તમ સંત પાસે પહોંચી જવું જોઇએ તો સંતો માર્ગ બતાવે, મંત્ર આપે, વિધિ બતાવે, મનને સ્થિર કરવાના સાધનો બનાવે; પણ સંતની પસંદગી કરવી પડે. સંત કોને કહેવાય? જેમનું મન શાંત તે સંત. દાઢી વધારવાથી, વાળ વધારવાથી, ઘર છોડવાથી, સંત ન બની શકાય.

પણ મન અશાંત છે. તેનું કારણ રાગદ્વેષ આસક્તિ છે, પણ તે પ્રભુ તરફ વાળો તો મન શાંત થાય. સંતની પસંદગીમાં ભૂલ થાય તો શક્તિને સમય વેડફાઇ જાય. સંતની નિર્મળતા, ભક્તિ, પ્રભુપરાયણતા, 'સરળતા, જોજો તો પછી તે સત્સંગમાં વાંધો ન આવે.

"ચાલોને સાચા સંતને શરણે જઇએ," અમારાં મા સર્વેશ્વરી સરસ ભજન ગાય છે. ગાઓ, એટલે સર્વેશ્વરી ભજન ગાય છે. ભજન પૂરું થતાં પૂ. શ્રીએ કહ્યું : બ્રહ્માનંદમ્—સંત રહેતા હોય લગ્નજીવનમાં, પણ મનમાં ભગવાન જ. મનમાં બ્રહ્મનો જ આનંદ.

પરમ સુખદમ્—સાધારણ સુખ ન આપે, પણ પરમ આનંદ આપે આત્માનું જ સુખ આપે.

કેવલ જ્ઞાનમૂર્તિ—જ્ઞાનસ્વરૂપ, આત્મજ્ઞાની.

દ્વંદ્વાતીતમ્—દ્વંદ્વોથી અતીત, રાગદ્વેષ, કામક્રોધથી પર.



ત્રિગુણાતીતમ્—ત્રણે ગુણોથી મુક્ત. શુદ્ધ સત્ત્વગુણમાં જ જીવે.

તત્ત્વમસિ—પરમાત્મા જ જેમનું લક્ષ્ય છે.

ભાવાતીતમ્—ભાવમાં ડૂબેલા, પ્રભુભાવમાં જ. એ બધા ભાવોથી અતીત છે. મનથી અતીત પ્રભુ છે. એટલે સંતો ભાવાતીત છે.

સંત પાસે જઇને શું કરવું? ગાંજાચલમમાં ન પડવું. સંત શું કરે છે તે જુઓ. સંતો પાસે દુઃખની દવા લેવી ને ખાવી. સંતો બતાવે તે ભગવાનનું નામ લેવું.

હવે કંઇ પ્રશ્ન પૂછવો હોય તો પૂછો. એટલે એક ભાઇ પૂછે છે : 'મનોબળ ચંચળ હોય તો શું કરવું?'

પૂ. શ્રી : મનને સમજાવો. નિયમ રાખો. આ કામ કરવાનું છે. કામ ન થાય તો સાંજનું જમવાનું બંધ કરો. તો જ મનજીરામ ઠેકાણે આવશે. વળી જે સંગને લીધે મન ચંચળ બને તે સંગને છોડો. જે ચિત્રો, જે પુસ્તકો ને જે માનવોથી મન ચંચળ બને તેને છોડી દો. પ્રભુને પ્રાર્થના કરો.

સત્સંગ પૂરો થયો. તે પહેલાં પૂ. શ્રીની માંદગીની ને સર્વેશ્વરીની સેવાની વાતો થઇ. સૌ પ્રણામ કરી પ્રસાદ લઇ વિદાય થયા.

પૂ. શ્રી આરામ કરે છે. સર્વેશ્વરી આજે થોડીવાર શ્રી કલ્યાણ, મીનાબેન તથા વિજયભાઇ સાથે બહાર છાંયડામાં બેસે છે.

પૂ. શ્રીનું શરીર આજે થાક અનુભવે છે એટલે આરામ—છ વાગ્યા સુધી પૂ. શ્રી કરે છે.

છ થી સાડાસાત, લગભગ પૂ. શ્રી પાસે સમયસર સૌ

આવીને બેસે છે. પૂ. શ્રીના મસૂરીના કામની વિસ્તૃત રીતે વાતો થાય છે. પૂ. શ્રી આરામ કરે છે. આજે ફરવા જવાનું બંધ રાખે છે. સાંજે થોડી ખીચડી ને શાક પૂ. શ્રી લે છે. ત્યારબાદ પૂ. શ્રી આરામ કરે છે. સર્વેશ્વરી સાડાઆઠ સુધી એક કલાક બહાર બેસી સૌ સાથે સત્સંગ કરે છે. નવ વાગ્યે ખીચડીનું ભોજન લઈ નોંધ લખી આરામ કરે છે. હરિઃ ૐ

(ક્રમશઃ)

**મનન**

ઈશ્વર કરુણામૂર્તિ, પ્રેમમૂર્તિ, આનંદમૂર્તિ–પરંતુ તે અનુભવ પરિપક્વ ભક્તિ થઈ હોય તેને થાય. સૌને તેનો અનુભવ પોતાની મનોઅવસ્થા મુજબ થાય છે. ઈશ્વર ક્રૂર છે એમ કહેનારાની ખોટ નથી. નિર્મળ મન જ દરેક પરિસ્થિતિમાં પ્રસન્ન રહી શકે છે. રામકૃષ્ણ પરમહંસ

ઓ. : ૨૨૩૫૯૮
૨૩૪૦૧૬
ફે. : ૩૬૨૪૩૭
ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨



બ્રધર લોરેન્સ

# ઈશ્વર–સાન્નિધ્યની સાધના

યશસ્વીભાઈ ય. મહેતા

## પત્રપરિસંવાદ–૧૩

**મારાં વ્હાલાં પરમ આદરણીય ભલાં મા.**

તમને આટલા બધા લાંબા સમયથી પીડાતાં જોઈને મને ઘણું દુઃખ થાય છે, આ દુઃખની લાગણીને જે મધુર બનાવે છે અને મને કંઈક રાહત આપે છે તે એ છે કે તમારી પીડા એ તો તમારી પ્રત્યે પ્રભુના પ્રેમની સાબિતી છે, તમારા દુઃખને તમે આ રીતે જોવાની કોશિષ કરશો તો તમે અવશ્ય વધુ સહેલાઈથી તેને સહી શકશો. તમારા કિસ્સામાં, મારો નમ્ર મત એવો છે કે તમારા તમામ પ્રકારના માનવ–જનિત ઉપાયોને પૂરેપૂરા છોડી દેવા જોઈએ અને ઈશ્વરની ઈચ્છાને પૂરેપૂરા અધીન બનીને તેમના શરણાગત થવું જોઈએ, કદાચ તમને સાજા કરવા તે તમારી આવી સંપૂર્ણ શરણાગતિની રાહ જુએ છે કે જે તેનામાં પૂર્ણ વિશ્વાસ વ્યક્ત કરતી હોય. તમે શરીરના રોગની કેટલી બધી સારસંભાળ લ્યો છો, તેમ છતાં તે અદ્યાપિપર્યંત નિષ્ફળ પુરવાર થઈ છે અને તમારી બિમારી હજુય વધતી જાય છે, એટલે પ્રભુના હાથમાં તમારી જાતને પૂરેપૂરી સોંપી દેવાનું તમને મન થશે નહિ અને પરિણામે તેની પાસેથી તમે પૂરી પરિપૂર્ણ મદદની આશા રાખી શકો નહિ.

ગયા પત્રમાં મેં તમને લખેલું કે કેટલીકવાર ઈશ્વર આત્માના

ખાંચાખૂંચીને સીધા કરવા માટે શારીરિક રોગોને ભક્તના દેહમાં પ્રવેશવાની મંજૂરી આપે છે. તો પછી હિંમત કેળવો. જે માથે આવી પડયું છે તેનો વધુમાં વધુ સદુપયોગ કરો, ઈશ્વરને જરૂર પ્રાર્થના કરો, પરંતુ તમારા રોગની પીડામાંથી મુક્ત કરવા માટે નહિ, પરંતુ તે પીડા મક્કમતાપૂર્વક સહન કરવાની શક્તિ માગો, તમારા ખાતર નહિ પરંતુ ઈશ્વરના પ્રેમને ખાતર, તેને આ ગમે છે તે ખાતર, અને જેટલા લાંબા સમય માટે તે ઇચ્છે તેટલો સમય તેની ખુશી ખાતર.

આવી પ્રાર્થના, ખરેખર, આપણા સ્વભાવને અનુકૂળ નથી, પરંતુ આપણા સ્વામીને તે અત્યંત સ્વીકાર્ય છે અને જેઓ ઈશ્વરને ચાહે છે તેમને માટે તે મધુર છે. ઈશ્વરપ્રેમ આપણી શારીરિક પીડાઓને મીઠી બનાવે છે અને જ્યારે તમે ઈશ્વરને ચાહો છો, ત્યારે તમે આનંદપૂર્વક અને હિંમતપૂર્વક ઈશ્વરને ખાતર તે સહન કરતાં શીખો છો. હું તમને આજીજી કરું છું કે કૃપા કરીને તમે આમ કરો કારણ આપણાં બધાં શારીરિક, માનસિક અને આધ્યાત્મિક દુઃખદર્દો દૂર કરી શકે તેવો કોઇ ચિકિત્સક હોય તો આપણા પ્યારા પ્રભુ જ છે. તે આપણો પિતા છે, માતા છે અને સખા પણ છે. કરુણાનિધાન છે, અને આપણને સદાકાળ મદદ કરવા તત્પર છે. આપણે કલ્પના કરી શકીએ તે કરતાં તે હંમેશાં આપણને મદદ કરવા વધુ તત્પર હોય છે. આપણે કલ્પના કરી શકીએ તે કરતાં પણ વધુ તે આપણને ચાહે છે; તો પછી તેને ચાહો, ચાહતાં શીખો. અને બીજી કોઇ જગ્યાએ તેના ઇલાજ કે આશ્વાસન શોધવાનું છોડી દ્યો, આમ કરશો તો મને આશા છે કે તમે કલ્પ્યું ન હોય તે રીતે ઇલાજ અને દિલાસો સામે ચાલીને તમારી સેવામાં હાજર થશે. સલામ. હું તમને મારી પ્રાર્થનાઓવડે અવશ્ય મદદ કરીશ, પછી ભલે તે ગમે તેટલી રંક હોય, અને



સદા આપણા પ્રભુના સ્વરૂપમાં મગ્ન થવાની. સેવામાં રત તમારો બ્રધર લોરેન્સ.

### પત્ર પરિસંવાદ–૧૪

**મારાં અત્યંત વ્હાલાં મા!**

આપણા પ્યારા પ્રભુનો હું હાર્દિક આભાર માનું છું કે એણે તમને તમારા રોગમાંથી તમારી ઇચ્છા પ્રમાણે અલ્પરાહત આપી છે. હું ઘણીવાર જીવનને છેવાડે પહોંચી ગયો હોઉં તેવું લાગે છે, જો કે આવા દરેક સમયે મેં સંતોષ જ અનુભવ્યો છે. એટલે, મેં પ્રભુને કોઇ રાહત આપવા પ્રાર્થના કરી નથી પરંતુ તેણે જે મારે માથે નાંખ્યું છે તે હિંમત, વિનમ્રતા અને પ્રેમ સાથે સહન કરી શકું તેવા સામર્થ્ય માટે મેં હંમેશાં પ્રાર્થના કરી છે. ઓહ, પ્યારા પ્રભુ સાથે રહીને પીડા ભોગવવાનું કેવું મધુર હોય છે! રોગની પીડા ગમે તેટલી મોટી હોય તોપણ, તેનો પ્રેમ સાથે સત્કાર કરવો. તેની સાથે રહીને પીડા ભોગવવી અને તેની સાથે રહેવું તે સ્વર્ગમાં મળતા સુખ સમાન છે, એટલે આ જીવનમાં જો આપણે સ્વર્ગની સુખ–શાંતિ અનુભવવા ઇચ્છતા હોઇએ તો, આપણે ઈશ્વર સાથે પ્રેમનો પરિપૂર્ણ પરિસંવાદ કેળવવાની ટેવ પાડવી જોઇએ. પ્રસંગ કોઇ પણ હોય, આપણે આપણા મનને ઈશ્વરથી વિમુખ એવી દિશાઓમાં ભટકતાં, આપણા મનને રોકવું જોઇએ. આપણે આપણા હૃદયને એક આધ્યાત્મિક મંદિર બનાવવું જોઇએ, જેમાં સતત રીતે આપણે તેની પૂજા કરવાનું ભૂલવું જોઇએ નહીં. આપણી જાત ઉપર આપણે સતત નિરીક્ષણ રાખવું જોઇએ કે જેથી આપણે કાંઇ પણ એવું કરીએ નહીં, કે જે આપણા પ્રિય પ્રભુને નાપસંદ હોય, એવો કોઇ પણ વિચાર કરીએ

નહીં, કે જે આપણને તેનાથી વિમુખ બનાવે. જ્યારે આપણું મન આ રીતે ઈશ્વરના સ્વરૂપમાં વસતું હોય ત્યારે શારીરિક પીડાના અનુભવ આપણને થશે નહીં અને એક પ્રકારની શાતા અનુ-ભવશું.

હું જાણું છું કે આ અવસ્થાએ પહોંચવું તે તથા તેની શરૂઆત કરવી કેટલી બધી મુશ્કેલ છે! કેમ કે આપણે સ્પષ્ટ રીતે શ્રદ્ધા ઉપર જ નભવાનું છે. જો કે આ મુશ્કેલ છે તોપણ આપણે એ જાણીએ છીએ કે ઈશ્વરની કૃપાથી આપણે બધાં કાર્યો સંપન્ન કરી શકીએ છીએ. જે તે વ્યાકુળતાપૂર્વક માંગે છે તેનો તે કદી ઈન્કાર કરતો નથી. ખખડાવો, ખંતપૂર્વક ખખડાવવાનું ચાલુ રાખો અને હું વચન આપું છું કે સમય આવે તે પોતાનાં દ્વાર જરૂર ઉઘાડશે અને અનેક વર્ષોપર્યંત તેણે જે તમને આપવાનું મુલત્વી રાખ્યું છે તે બધું એકદમ એકસાથે તમને પ્રદાન કરશે. સલામ. જેમ હું પ્રભુને તમારે માટે પ્રાર્થના કરું છું તેમ કૃપા કરીને તમે પણ તેને મારા માટે પ્રાર્થના કરશો. હું આશા રાખું છું કે મને તે બહુ ટૂંક સમયમાં સાક્ષાત્ દર્શન આપશે.

આપણા પ્રભુના સ્વરૂપમાં હું છું. તમારો બ્રધર લોરેન્સ.

(ક્રમશઃ)



# જન્મદિને–અકલ્પ્ય ભેટ

દામિનીબેન શાહ, કેનેડા

[સાચા દિલથી ભાવપૂર્વક કરેલી પ્રાર્થના અચૂક સંભળાય છે, એવો આપણાઓમાંના ઘણાનો અનુભવ છે. આવી જ એક સરસ ઘટના કેનેડાના ટોરેન્ટો શહેરમાં વસતાં શ્રી દામિનીબેન શાહના જીવનમાં ઘટી તે પ્રેરણાદાયક હોઈ અત્રે રજૂ કરેલ છે.

શ્રી દામિનીબેન એક શ્રદ્ધાળુ સાધક જીવ છે. જન્મ અને ઉછેર જૈન પરિવારમાં થયો છે. એથી ભગવાન મહાવીરમાં સ્વાભાવિક રીતે અનન્ય શ્રદ્ધાભક્તિ ધરાવે છે. પરદેશમાં વસવા છતાં પોતાના ધાર્મિક અને ભારતીય સંસ્કારો તેમણે પ્રયત્નપૂર્વક જાળવ્યા છે. સને ૧૯૮૮ ના ઓગસ્ટ મહિનામાં અમારે જ્યારે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી સાથે કેનેડા જવાનું બનેલું, ત્યારે શ્રી દામિનીબેનનું જીવન ખૂબ નજીકથી જોવાની તક મળેલી. તેમનો સ્વભાવ ઉદાર, પ્રેમાળ અને પરગજુ, તેનો પરિચય ત્યારે થયો.

જૈન સંપ્રદાયના પ્રબળ ધાર્મિક સંસ્કારો છતાં, પૂર્વજન્મના એવા જ કોઈ નિગૂઢ સંસ્કારબળે પૂ. મા શ્રી સર્વેશ્વરીમાં તેમને ટૂંકા પરિચયે ખૂબ ઊંડી અને પ્રબળ શ્રદ્ધા જન્મેલી છે. પૂ. માના દિવ્ય અને દૈવી અવતરણને તેઓ ઘણી સારી રીતે સમજે છે, અને એથી જ એમનું સ્મરણ તેમને સ્વાભાવિક રીતે થતું રહે છે.

૧૦ મી મે એમનો જન્મદિવસ. એટલે આ વર્ષે પૂ. મા તે દિવસે અમેરિકામાં શ્રી વિનોદભાઈ પટેલને ત્યાં હતાં. પૂ. માને તો લગભગ પોણા બે વર્ષથી એકધારું મૌન છે, છતાં પોતાના

જન્મદિને પૂ. માને પ્રણામ પાઠવી એમના આશીર્વાદ મેળવવાની ઇચ્છા થાય તે સ્વાભાવિક છે. તે દિનના શ્રી દામિનીબેનના ભાવો ચાલો આપણે તેમના શબ્દોમાં જ જોઇએ. —તંત્રી]

તા. ૧૦–૫–૯૭. અમારો જન્મદિવસ. વડીલોના આશીર્વાદ શુભપ્રસંગે, શુભદિવસે લેવા એ આપણી સંસ્કૃતિના મૂળમાં છે. આજના આ શુભદિન નિમિત્તે શુભપ્રભાતે સૌ પ્રથમ મા–પ્રભુના દર્શન કરી, પ્રાર્થના કરી, અમારા આરાધ્યદેવ શ્રી પ્રભુ મહાવીર સ્વામીને નમન કરી સૌના આશીર્વાદ લીધા. ત્યારબાદ વડોદરાથી પૂ. દાદા તથા પૂ. બાના આશીર્વાદ હજારો માઇલ દૂરથી ફોનદ્વારા મળ્યા. અમારી જનની, જન્મ આપનારી માતા જે સ્થૂલદેહે અમારી વચ્ચે નથી, તેને પણ મનોમન પ્રણામ કર્યાં. અતિ સરળ, નમ્ર સ્વભાવ એવી અમારી માતા સ્થૂલદેહે નથી છતાં અમારી સાથે અમારા જીવન સાથે એવી રીતે વણાઇ ગઇ છે કે હંમેશાં અમારી સાથે જ છે. એ માતા–પિતાના ચરણોમાં પ્રણામ કર્યાં.

સુવર્ણમય પ્રભાત હતું. વાદળછાયા પ્રભાતમાં ક્યાંકથી રવિના કિરણો ડોકાઇ ગયાં. અને આ નિત્યક્રમ પરવારી, પૂ. માને પ્યારા એવા ગુલાબના છોડનું અમારા આંગણામાં રોપણ કર્યું. અને પૂ. માને પ્રાર્થના કરતાં જાણે પૂ. માના હસ્તે જ આ રોપણ થયું હોય તેવો આભાસ થયો.

પૂ. માને હવે ફોન કરી અને પછી દહેરાસર મંદિર જવું એવું મનમાં નક્કી કર્યું હતું. બપોર થવાની પ્રતીક્ષા કરતી હતી. અને ત્યાં જ શામળિયાને સામેથી દોડતા આવતા જોઇને સુદામાને જે આશ્ચર્ય થયું હશે તેનાથીય ઘણો આશ્ચર્ય મિશ્રિત આનંદ મને થયો. ફોન મારે કરવાનો હતો અને મારા ઉરની લાગણીના,



પ્રાર્થનાનાં મોજાં પૂ. મા સુધી પહોંચ્યા હશે અને સામેથી તેમનો જ ફોન આવ્યો. સામે છેડે પૂ. મા! આનંદની કોઇ સીમા ન રહી. પૂ. મા, બાળકોની પ્રાર્થના કેવી સાંભળે છે? અમારી પાસે બોલવા શબ્દ ન હતા. હૃદય રડી રહ્યું. મન નાચી ઊઠયું અને વાચા મૂક બની ગઇ. બસ! પૂ. માના આશીર્વાદ લેતી રહી અને જણાવ્યું કે, પૂ. મા! આજનો દિવસ તો અમારો સુધરી ગયો. તો સામેથી જવાબ મળ્યો કે હજુ રાત તો વધુ સુધરશે! અમે સાંજે આઠ વાગે ફરી ફોન કરીશું. અમને ઘણા દિવસથી લાંબી રજાઓમાં પૂ. માના દર્શન કરવા જવાની તીવ્ર ઇચ્છા હતી. તેથી અમે પૂ. મા પાસે આજ્ઞા માંગી કે અમે તમારા દર્શન કરવા આવી શકીએ? તો સાંજે જવાબ આપીશું એમ કહ્યું, એટલે સાંજની પ્રતીક્ષા શરૂ કરી. અને મનમાં પ્રાર્થના થતી રહી કે હે મા! તું તો જગતજનની છે. તો આ બાળને તારા દર્શન કરવા આવવાની રજા જરૂર આપજો.

અને આતુરતાનો અંત બરાબર આઠ વાગે આવ્યો. ન્યુ-જર્સીથી ફોન! સામે છેડે સરોજબેન! અમને તો પૂ. મા સાથે વાત કરવાની તાલાવેલી હતી. પરંતુ સરોજબેને કહ્યું કે તમારા જન્મદિને–પ્રસાદીરૂપે પૂ. માએ એક નાનું પાર્સલ મોકલ્યું છે. ત્યાંથી એક પૂ. દાદા ટોરન્ટો આવવાના હતા તો એમની સાથે મોકલ્યું છે. પૂ. દાદાના હાથમાં પૂ. માનો ફોટો હશે. તમને શોધવામાં તકલીફ નહીં પડે. તો તે તમારે વિમાનીમથકે જઇ અને જાતે લઇ આવવાનું છે. કયા વિમાનમાં, કેટલા વાગે આવશે તે જણાવ્યું અને ભારપૂર્વક કહ્યું હતું કે તમે બરાબર ટાઇમસર પહોંચી જજો. ભૂલ કર્યા વગર, ભૂલ્યાવગર પહોંચી જજો. નહીં તો દાદા ગભરાઇ જશે. અમારો તો પૂ. માનો આશીર્વાદ પછી પૂ. માની પ્રસાદી! આનંદ એની ચરમસીમા ઓળંગી ગયો! અમે તો પૂ. દાદાનું નામ પણ પૂછવાનું ભૂલી ગયાં! અને સમયસર

વિમાનીમથકે પહોંચ્યાં.

અને જ્યાંથી બધા યાત્રાળુઓ નીકળતા હતા ત્યાં આજુબાજુ બધે શોધવા માંડયા અને હમણાં પૂ. દાદા બહાર આવશે તેની રાહ જોતા હતાં અને ત્યાં તો જાણે! ભક્ત તુકારામને દર્શન આપવા વિઠોબા જ જાણે સામેથી આવ્યા હોય તેમ! વિમાની મથકે આટલા બધા ઘોંઘાટ, અવરજવર, કશું જ સંભળાયું નહીં, અને એક જ પૂ. માની એ શ્વેતવસ્ત્રધારી, શાંત, સૌમ્ય અને હસતું મુખારવિંદ. સંગેમરમરની મૂર્તિસમાં એ પૂ. મા જ દેખાયાં. અને બધું ભૂલી જઇ અમે પૂ. માના એ ચરણોમાં શ્રદ્ધા ભક્તિથી નમી પડયાં! આટલું મોટું દૈવીપાર્સલ લેવા અમે આવ્યા હોઇશું એ તો રતિભર પણ ધાર્યું ન હતું. અને હૃદય આનંદસાગર મન મૂકીને હીલોળાં લેવા લાગ્યો. અમારી તો ખુલ્લી આંખે સ્વપ્ન દેખાતું લાગ્યું. સાચું જ ન માની શકાય! અરે! પ્રભુને ખુલ્લી આંખે પ્રભુના, સંતોના દર્શન થતાં એ તો 'પ્રકાશના પંથે'માં વાંચ્યું હતું! અને પ્રભુએ અમને કોઇ આધ્યાત્મિક પાત્રતા સિવાય આમ ખુલ્લી આંખે દર્શન આપવાનું ચાલું કર્યું? આંખો પટપટાવી જોઇ. અમારી જાતને ચૂંટલી ખણી જોઇ કે ધરતી ઉપર તો છું ને? આ સ્વપ્ન નથી પણ વાસ્તવિકતા તો છે ને? અને અમે પૂ. માના ચરણસ્પર્શ કર્યાં. ચરણરજ મસ્તક લીધી. અને પૂ. માના આશીર્વાદરૂપે ફેરેલાં એ હાથ! હે મા! અમે આચમન માટે હાથ લાંબો કર્યો અને તમે તો આખો સમંદર ધરી દીધો મા!

આ આનંદ, આશ્ચર્ય, એ ભાવ, એ અશ્રુઓ, એ દિલમાં થતો ભાવ, ઊર્મિનાં મોજાં... આ ક્ષણને અમારી પાસે વર્ણવી શકવા માટે કોઇ શબ્દો નથી.



અને પૂ. માની સાથે આવેલ પૂ. દાદાને તો અમે ઓળખી જ ગયાં! સૂર્યના કિરણો કદી છૂપાં ન રહી શકે તેવા આ દાદા! શ્રી સુરેશભાઇ શાહ જેઓ ટોરન્ટોમાં યોગેશ્વર ધ્યાન કેન્દ્રના સંચાલક છે તેમને તો ઓળખવામાં અમને કોઇ તકલીફ પડી નહીં.

આમ અમારી સફળ થયેલી પ્રાર્થનાએ પૂ. મા–પ્રભુની શ્રદ્ધા-ભક્તિમાં અનેકગણો વધારો થઇ ગયો.

આજના આ જન્મદિને પૂ. માના દર્શન, ચરણરજ તથા ચરણસ્પર્શે તથા આશીર્વાદે સઘળી ક્ષણો આવનાર ભાવિની પ્રત્યેક ક્ષણને પણ ધન્ય ધન્ય બનાવી દીધી.

મનોમન પ્રાર્થના હતી કે, પૂ. માના દર્શન કરવા જવું છે. અગાધ શ્રદ્ધા અને નિઃસ્વાર્થ સાચા હૃદયની પ્રાર્થનાએ આગની ઝાળ વચ્ચે હોલીકાના ખોળામાં બેઠેલા પ્રહ્લાદને પ્રભુનાં દર્શન કેવાં થયાં હતાં? ભરસભામાં ચીર હરાતી દ્રૌપદીની સાચા હૃદયની પ્રાર્થના સાંભળી શ્રીકૃષ્ણ કેવા દોડતા આવ્યા હતા? ન માની શકાય તેમ પૂ. મા પણ બાળકો માટે કેવાં દોડતાં આવી રહ્યાં?

મા! મારે તો તમારાં દર્શન કરવા હતાં. મારી પ્રાર્થનામાં સ્વાર્થ ક્યાંક જરૂર હશે. નહીં તો મેં એવી જ પ્રાર્થના કરી હોત કે મા! હું ન્યુજર્સી આવીશ તો મને જ દર્શનનો લાભ મળશે પરંતુ બાકીના ભક્તજનોનું શું? મારે પ્રાર્થના તો એવી કરવી જોઇતી હતી કે મા! તમે જ અહીં પધારો. તો સર્વ ભક્તજનોને આપના દર્શનનો અણમોલ લ્હાવો મળે.

નાદાન ભક્તની આ ભૂલને તમે સુધારી લીધી અને આપ જ પધાર્યાં.

વિમાની મથકે! અમે હંમેશાં બધે નાની જ કાર લઇને

જઈએ છીએ પરંતુ તે દિવસે પૂ. માનું નાનું પાર્સલ લેવા અમે અમારી મોટી વાન લઈને ગયાં! કેવી કૃપા! અને પૂ. માને, પ્રભુને બેસાડી આદરણીય વડીલબંધુ શ્રી સુરેશભાઈને ઘેર લઈ જવાનો લ્હાવો પણ પૂ. માએ જ આપ્યો અને અપાવ્યો. રામજીને નદી પાર કરાવવાના પ્રસંગે કેવટને કેટલો આનંદ થયો હશે. તેની મનોદશા કેવી હશે તે હું હવે કલ્પી શકું છું. રસ્તામાં અમારો થોડો આગ્રહ રહ્યો કે પૂ. મા અમારા ઘરે પહેલાં પગલાં કરી પછી શ્રી સુરેશભાઈને ત્યાં જઈએ. તો પૂ. માએ તરત એ પ્રાર્થના પણ સાંભળી અને આજે નહીં પરંતુ તમારે ત્યાં સ્નાત્રપૂજા રાખો અમે જરૂર પગલાં કરશું. આમ અમારી એ પ્રાર્થના પણ સફળ થશે જ!

સ્નેહાળ સુરેશભાઈના ગૃહે તમારા ગૃહપ્રવેશે કેવો આનંદ–ઉલ્લાસ ફેલાવ્યો હતો તેનું વર્ણન શબ્દમાં કરી શકું તેમ નથી. વિમળાભાભી, રાજુભાઈ, જ્યોત્સ્નાબેન, ભાઈ વિકાસ, નિમેષ, અમર તથા બ્હેન મુન્ની, રૂપલ, તથા ભાવના અને નાનાં બાળકો કૃપા અને પ્રિયા બધાં જ 'મા મય' બની ગયાં અને હર્ષોલ્લાસથી નાચી ઊઠયાં. અને તરત જ પૂ. પ્રભુની આરતી કરી અને પૂ. મા બાળકોને ભૂખ લાગી હશે તેનું પણ કેટલું ધ્યાન રાખે છે! તરત જ વિમળાભાભીને પ્રસાદ બનાવી દેવાનું કહ્યું. અને એ અન્ન-પૂર્ણા હંમેશાં બધાને જમાડવામાં હંમેશાં તત્પર અને અમે રસ–રોટલી જમી અને પૂ. મા સાથે થોડીક હળવાશભરી વાતો કરી છૂટા પડયા. અને ફરી મનોમન પ્રાર્થના કરી.

ભક્તની પ્રભુદર્શનની અપેક્ષા મર્યાદિત તો હોતી નથી. અગાધ શ્રદ્ધા અને સાચા હૃદયની પ્રાર્થનાથી હે મા! આ શબરી તેની ઝૂંપડીમાં તમારાં ચરણકમળના આગમનની આતુરતાથી રાહ જુએ તેમાં નવાઈ શી? આ પણ પ્રાર્થના ફળશે જ ને?



લીંપીગૂંપીને આંગણ સ્વચ્છ કર્યું, હરિ ઘેર આવો ને!

અને અમારી એ પ્રાર્થના પણ સફળ થઈ! સોમવાર તા. ૧૯–૫–૯૭ ના દિવસે અમે પૂ. માની આજ્ઞાથી અમારા ગૃહે સ્નાત્રપૂજાનું આયોજન કર્યું છે. અને પૂ. મા પગલાં કરશે. પૂ. માના સાંન્નિધ્યમાં આ પૂજા થશે.

આમ પ્રાર્થના વહેલી–મોડી જરૂર સંભળાય છે. એ સત્ય છે. અમને એનો અનુભવ થઈ રહ્યો છે. અને પૂ. માના ચરણકમળમાં મસ્તક નમાવી એક જ પ્રાર્થના કરીએ છીએ કે મા! આ જ રીતે અમે શ્રદ્ધાભક્તિ વધારતા રહીએ અને આપના સાંન્નિધ્યમાં આધ્યાત્મિકતાની સીડી થોડી થોડી ચઢી શકીએ તેવી શક્તિ આપજો! તેવી બુદ્ધિ આપજો!

અને આમ દિવસની સાથે અમારી રાત સુધરી ગઈ. આખી રાત અમે પૂ. માનો એક જ ચહેરો અને અમારા આનંદની અવધિ જે વિમાનઘરે થઈ હતી તે જ મનમાં વાગોળ્યા કરી અને આંખ બંધ કરીશ તો જાણે સ્વપ્ન હાથમાંથી સરી જશે એવી ભીતિ થવા લાગી. અને એ આનંદમાં રાત વીતી ગઈ.

જન્મદિને કેવી અકલ્પ્ય ભેટ પ્રભુએ ધરી! પૂ. માનું પ્રત્યક્ષ દર્શન એનાથી બીજી મોટી ભેટ શું હોઈ શકે?

તત્ત્વજ્ઞાની સમ્રાટ માર્ક્સ રોમન ઓરેલિયસનું

# આત્મચિંતન

પં. દેવકૃષ્ણ શાસ્ત્રી

સુંદર વસ્તુની સુંદરતાને કોઇ વખાણે કે નિંદે એથી એ વધતી ઘટતી નથી. જો આંખે દેખાતી સાધારણ વસ્તુઓની પણ આ જ વાત છે, તો પછી નીતિ, ન્યાય, સત્ય, પ્રેમ, વિનય વગેરે ગુણોમાં રહેનારું સૌંદર્ય કોઇના વખાણવાથી વધે કે નિંદવાથી ઘટે એવું કેમ બને? માણેક કે મણિનાં કોઇ વખાણ ન કરે તો એની સુંદરતા થોડી જ ઘટી જાય? સુવર્ણ, રેશમ, હાથીદાંત, સંગીત–વાદ્ય અને તલવાર તથા પુષ્પ વગેરેમાં સૌંદર્ય સ્વાભાવિક રીતે જ રહેલું છે.

* * *

હે જગત! તને જે ઠીક લાગે એ જ મારા માટે ઠીક છે. તને જ્યારે લાગે કે આ વખત સારો છે, તો મારે એ કબૂલ છે. હે પ્રકૃતિ! તને પણ એમ જ કહું છું. તારામાં જ બધું ઉત્પન્ન થયું છે. તું જ બધી ચીજોનો આધાર છે. છેવટે બધું તારામાં જ સમાઇ જશે.

દુનિયા જગન્નિયંતાની રાજધાની છે. એથી જ દેશભક્તને પોતાના દેશ અને ગામ ઉપર પ્રેમ તથા ગર્વ હોવો જોઇએ.

એક મુનિએ કહ્યું છે કે, જો શાંતિ ચાહતા હો તો વધુ સંકલ્પ અને વ્રત કર્યા કરવાં એ ઠીક નથી. જે કામ બહુ જરૂરી હોય અને સમાજના હિતનું હોય એ જ કરો; જ્યારે કરવું જોઇએ ત્યારે



કરો. કામનું સૂચિપત્ર લાંબું ન કરો. જે કાંઇ કરો એ સન્માર્ગથી વિરુદ્ધ ન હોય એ જુઓ. આપણે જે કાંઇ કરીએ છીએ, બોલીએ છીએ એ મોટે ભાગે કાંઇ મહત્ત્વનું હોતું નથી. વ્યર્થ વાતો છોડી દેશો તો વખત પણ બચશે અને મનને ગ્લાનિ પણ નહીં થાય. નકામી વાતો ન વિચારવાથી નકામાં કામોથી પણ આપણે બચી જઇશું.

એક પ્રયોગ કરો. જે કાંઇ તમને મળ્યું છે, એમાં સંતોષ માનો. તમને જે ભાગ મળ્યો છે એથી ખુશ રહો. બીજા માણસો ગમે તેમ બોલે પણ તમારાં કામો ન્યાયી હોવાં જોઇએ. તમારા હૃદયમાં પ્રેમ રહે. બીજાઓનાં હૃદય સાફ ન હોય તો એની ચિંતા ન કરો. આ પ્રયોગ કરી જુઓ. તમને જરૂર આનંદ થશે.

આ એક પ્રયોગ થયો. આટલું જો કે બસ છે. પણ એક બીજો પ્રયોગ પણ કરવા જેવો છે, તે એ કે શંકા દૂર કરો.

આ વાત સાચી છે કે તમને નુકસાન કરવા માટે પ્રયત્નો કરવામાં આવ્યા છે. પણ નુકસાન તો ઊલટું એમને થયું, જેમણે તમને તકલીફમાં નાંખવાનું વિચાર્યું હતું. કદાચ તમને દુઃખ થયું પણ હોય, પણ તેથી શું? જે થવાનું હોય છે એ થયા વિના રહેતું નથી. એ અનિવાર્ય હોય છે. એથી આકુળવ્યાકુળ થવું ન જોઇએ. આયુષની અવધિ ટૂંકી હોય છે. હજી જે વખત તમારા હાથમાં છે, એનો સમજપૂર્વક ધર્મમાર્ગ પર ચાલીને લાભ લ્યો.

* * *

આ વિશ્વ જગન્નિયંતાનું બનાવેલું હોય કે અણુઓના અકસ્માત મિલનથી બન્યું હોય, ગમે તેમ હોય, પણ નિયમબદ્ધ જરૂર છે. બ્રહ્માંડના છૂટાછવાયા જુદા જુદા અંશો એકબીજાથી

આકર્ષિત અને એક નિયંત્રણથી બંધાયેલા છે. તમારામાં પણ એક નિયમ તો છે જ. આ બધાનું સંચાલન કરનાર ઈશ્વર અન્યાય કરી શકે નહીં.

* * *

તમારા મનમાં કેટલા ખરાબ વિચાર, કેટલી ખરાબ ભાવનાઓ ભરેલી છે? કેટલો ભય, કેટલી નિર્દયતા, કેટલી પાશવિકતા, કેટલી ક્રૂરતા, કેટલું આળસ, કેટલો લોભ અને કેટલી કૃપણતા છે?

* * *

પરદેશી માણસ જ્યાં જાય છે ત્યાંની હકીકતોની તેને ખબર હોતી નથી. જે માણસ દુનિયાના કાનૂનોને માનતો નથી, સમજતો નથી, એ દુનિયાને માટે પરાયો મનાશે. જ્ઞાનરૂપી આંખોનો જે ઉપયોગ ન કરે એ આંધળો નહીં, તો બીજું શું છે? સુખપ્રદ સ્વાવલંબનને છોડીને જે બીજાને ભરોંસે રહે છે એ દીન ભિખારી નહીં, તો બીજું શું છે? જે મૂળ કારણોથી આપણી સૌની ઉત્પત્તિ થઇ છે એ જ આપણાં કાર્યોના તથા અહીં બનતા બનાવોનાં પણ કારણ છે. કોઇ માણસ દુનિયા તરફ ઘૃણા કરે અથવા પોતાને બીજાઓથી જુદો માને એ કુલભ્રષ્ટ થાય છે. વિશ્વધર્મનું પાલન દરેકને માટે જરૂરી છે. તમારા આયુષના જે દિવસો બાકી રહ્યા છે એ દરમિયાન પરમાત્મા ઉપર ભરોસો રાખીને, એને જ બધું અર્પણ કરીને સંતોષથી રહો. તમને આ વાતની પ્રસન્નતા હોવી જોઇએ કે, 'હું ખરાબ માર્ગે ગયો નથી, મેં કોઇની સ્વતંત્રતા છીનવી લીધી નથી અને હું કોઇનો ગુલામ બન્યો નથી.'

* * *



દુનિયાની કોઇ પણ વસ્તુ સ્થાયી નથી. ભૂતકાળમાં જે કાંઇ બન્યું એને આપણે એક વાર્તાની જેમ યાદ રાખીએ છીએ. છતાં થોડા દિવસો પછી એ પણ આપણે ભૂલી જઇશું. જ્યારે મોટા મોટા પ્રભાવશાળી માણસો પણ હંમેશને માટે ટકી શકતા નથી, ત્યારે સાધારણ માણસોનું તો કહેવું જ શું? જીવ જતાં જ લોકો તેને ભૂલવા માંડે છે. તટસ્થતા, શીલ, સત્ય અને ક્ષમા આ વસ્તુઓ જ સનાતન–ચિરસ્થાયી છે. જે સ્થિતિ આવી પડે એ રાજીખુશીથી સ્વીકારો.

* * *

દુનિયાની આ બધી વસ્તુઓ કેમ પેદા થાય છે, કેમ ચાલી જાય છે, પાછી બીજે સ્વરૂપે કેમ પ્રગટે છે એ વાતનો વિચાર કરો, મનન કરો. વીંખાઇ ગયેલી–નાશ પામેલી વસ્તુઓમાંથી નવી નવી વસ્તુઓ બનાવ્યા કરવી એ પ્રકૃતિનો સનાતન નિયમ છે. તૈયાર થયેલી ચીજોને બગાડવામાં અને બગડેલી ચીજોને બનાવવામાં પ્રકૃતિને હમેશાં આનંદ આવે છે. એ એનો ખેલ છે–એની લીલા છે. માટીમાં જે વવાય છે એ જ માત્ર બીજ નથી. આ સંસારમાં આપણે જે કાંઇ જોઇએ છીએ એ બધી વસ્તુઓમાંથી બીજી નવી નવી પેદાશો થતી રહે છે.

* * *

હવે પછીની ઘડીએ તો તમારું મૃત્યુ થવાનું છે, હજી પણ તમે તમારા હૃદયને નિર્મળ બનાવી શક્યા નહીં! શાંત રહેવાનું તમે શીખ્યા નહીં! પીડા અને દુઃખનો ડર હજી તમે છોડી શક્યા નહીં! તટસ્થતા એ જ સુખનો માર્ગ છે એ હજી સુધી તમે સમજી શક્યા નહીં! જ્ઞાની માણસો કઇ વસ્તુ મેળવવા માટે પ્રયત્નશીલ છે અને કઇ વસ્તુથી દૂર રહે છે એ સમજવાનો પ્રયત્ન કરો.

# દિવ્ય ખજાનો

હેન્રી થોમસ હેમ્બલીન
અનુવાદ : જીતુભાઈ ભટ્ટ

ઈશ્વરનો પ્રેમ આપણને કદી પણ ત્યજી દેતો નથી. ઈશ્વર પોતે તેના સૌજન્યથી અને અનુકંપાથી આપણને તેનો દિવ્ય ખજાનો આપણી પર ન્યોચ્છાવર કરવા જ બેઠા છે, પણ તેઓ તે આપણી ઉપર લાદવા નથી માગતા. બલ્કે આપણને કહેવામાં આવે છે કે તે તમે સ્વીકાર કરો અને આપણો આનંદ પૂર્ણ કરીએ. ઈશ્વરીય વચન એમ તો નથી જ કહેતું કે તે આનંદ આંશિક હશે, પણ તે સંપૂર્ણ જ હશે. તે દિવ્યવચન બંધન રહિત છે. સાથોસાથ આપણી ઉપર મર્યાદાઓ નથી મૂકતા, જેથી આપણો આનંદ તેમ જ સંતોષ બની રહે.

આપણને ઈશ્વર પાસે મોટી મોટી અપેક્ષાઓ રાખવા કહેવામાં આવે છે, જેથી કરીને આપણને તેમના આશીર્વાદ મળી રહે. પ્રભુ પોતે કશી જ અંચાઈ કરતા નથી, તેઓ તો આપણા ઉપર વધુમાં વધુ આશીર્વાદ વરસાવવા માગે છે અને આપણને તો એવું પ્રતિપાદિત થાય છે કે આપણી ઉપર તેઓની પૂરી મહેર છે.

કમનસીબે આપણામાંના ઘણા ઈશ્વરના આશિષની ભાગ્યે જ યાચંના કરે છે અને એ રીતે આપણે આપણો ઈશ્વરી પ્રેમનો એક માત્ર સ્રોત જતો કરીએ છીએ. પ્રભુ આપણી અરજીની અપેક્ષા પણ નથી રાખતા બલ્કે આશિષ બદલ આપણે તેની અભિવ્યક્તિ પણ નથી કરી શકતા.



સ્વર્ગીય સુખમય જીવન તો ખુદ ઈશ્વરીય દેન છે અને તે પરમાત્મા તરફથી જ મળી શકે છે. ઈશ્વરીય આશિષની યાચના તો આપણે કરવી જોઈએ અને તે માટે આપણે પ્રભુનું ઋણ સ્વીકારવું જ પડે.

આ ઉપરાંતનું એક વિશિષ્ટ પ્રમાણ છે–પ્રભુના દિવ્ય આશિષ ફક્ત મેળવીને આપણે બેસી રહેવાને બદલે બીજાઓને પણ તેમાં ભાગીદાર બનાવીએ જેથી આપણી જેમ જ તેઓ પણ સુખી થાય.

જીવનવ્યવહાર એક તરફી ન હોઈ શકે, એક બાજુ સ્વીકાર કરીએ પણ વળતો બદલો ન આપીએ તો જીંદગી સ્વસ્થ ન કહી શકાય. ઈશ્વરીય પ્રેમ નિરંકુશ વહેતો રહેવો જોઈએ કારણ કે જીવનનો તે જ સારાંશ છે. બુદ્ધિશાળીઓ વિશ્વાસપૂર્વક વિનંતિ સાથ અરજ કરે છે અને તે પુષ્કળ મેળવે છે અને સાથોસાથ તેઓ સારી રીતે આપી પણ શકે છે.

જીંદગીમાં બંધનો મુક્ત વહેવાર થતો રહે અને એ રીતે નિયંત્રણ વિના તે પ્રવાહ વહેતો રહે તે જરૂરી છે. જીંદગીનો તો આજ સારાંશ છે. ઉપરવાળા તરફથી પુષ્કળ મેળવો અને તે જ રીતે ભરપૂરપણે તેને વિના સંકોચ બીજાંઓને આપતા રહો. પ્રેમથી આપતાં શીખવાથી આપણે આપણા ભાગનું કામ પૂરું કરી શકીએ. ઈશ્વર તો પોતાનું કામ કરવાનો જ છે.

## * હો રાજ રે ! *

હો રાજ રે !–
પેલા અંતકાળિયા વૈદડા તેડાવો,
ઘસ–ઓસડિયાં પિવડાવો,
મારા ઝ્રેબાને અટકાવોઃ
મારે આરપારની વાતો
છે કરવાનાં કૈં કાજ રે. હો રાજ રે !
આ પંચભૂતની કાયા,
શી મહતી એની માયા,
એ મૂળ સત્ત્વની છાયાઃ
વહી જાય વીજ–ઝબકારે
ધરું પાણી પ્હેલાં પાજ રે. હો રાજ રે !
સત્–કર્મ–ધર્મ નવ જાણ્યા,
મળ મર્મ નહીં પરમાણ્યા,
નારાયણ નયણે ન નાણ્યાઃ
મંઝીલ અધરી આખરની
સોડ્મ્‌ના સજવા સાજ રે. હો રાજ રે !
મારા ઝ્રેબાને અટકાવો,
ઘસ–ઓસડિયાં પિવડાવો,
પેલા અન્ત–વૈદ્ય તેડાવો
મારે દેવ–લોકની વાતો
છે કરવાનાં શુભ કાજ રે. હો રાજ રે !

— ડો. રણજિત પટેલ (અનામી)



## * પ્રાર્થના *

પ્રભુજી, એવું દો વરદાન,
કરું હું જીવતાણું કલ્યાણ.
સુદૃઢ તન હો,
નિર્મલ મન હો,
વિશુદ્ધ આચરણ
પરાર્થ જીવન હો.
દયા પ્રેમ હો મનમંદિરમાં
જીવ અનુકંપા દાન
પ્રભુજી, એવું દો વરદાન!
જે નિર્બળ હો
ને નિર્ધન હો
અતિ દુઃખમય જેનું જીવન હો
એ સૌને ઉપકારક થઈને
કરવું સુખનું દાન.
પ્રભુજી, એવું દો વરદાન!
જ્યારે ધરા યે સંકટ આવે,
અર્પું જીવન, શીશ ઝુકાવું,
અને કસોટીના દિન આવે
બની રહું સુખબીજ સમાન
એવું જીવન હો ભગવાન,
પ્રભુજી, એવું દો વરદાન!
કરું હું જીવતાણું કલ્યાણ,
દઈ રહું જીવનનું બલિદાન,
પ્રભુજી, એવું દો વરદાન!

ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

# તંદુરસ્તીની જાળવણી–ખૂબ જરૂરી

છોટાલાલ ત્રિ. શાહ

આધ્યાત્મિક જીવન જીવવાની અપેક્ષાવાળાએ સામાન્ય માણસ કરતાં પણ પોતાની તંદુરસ્તીનું ધ્યાન વિશેષ રાખવું જરૂરી છે. શરીર એ સાધના માટેનું સર્વોત્તમ સાધન છે. એ સાધન જ બરાબર ન હોય તો સાધના શી રીતે થવાની? ગમે તેવો સારો કે નિષ્ણાત કારીગર–ઘણી હોંશિયારી હોવા છતાં પણ જો તેનાં ઓજારો કે સાધનો બરાબર કે સક્ષમ નહિ હોય તો પોતાની કળા કે કૌશલ્ય શ્રેષ્ઠ રીતે નહિ જ બતાવી શકે. એવું જ સાધકે શરીર માટે સમજવાનું છે.

તંદુરસ્તી એમને એમ કે આપમેળે જળવાતી નથી. તે માટે જરૂરી કાળજી રાખવી પડે અને આવશ્યક પરિશ્રમ પણ ઊઠાવવો પડે. પરંતુ તે માટે સૌથી પ્રથમ થોડું જરૂરી આરોગ્ય વિષેનું જ્ઞાન કે જાણકારી હોવી જરૂરી છે. એથી માનવમાત્રને તંદુરસ્તીની જાળવણી માટે ખૂબ જ મહત્ત્વની અને ઉપયોગી એવી વાતો અહીં જણાવી છે તે ધ્યાનથી વાંચી, જીવનમાં શક્ય તેટલું આચરણ કરવાથી ફાયદો જ થશે તેમાં બે મત નથી.

આ રહ્યાં તે થોડાં સોનેરી સૂત્રો.

૧. 'આહાર એ જ ઔષધ' એ સૂત્ર હમેશ નજર સમક્ષ રાખવું.

૨. ખાવામાં વિવેક ન જુવે, ખાટલે વહેલો તે સૂવે.

૩. સાજાસારા બનવાની મહેનત વિના, સાજાસારા બનાતું જ નથી.

૪. ઔષધ કે દવાથી કંઇ જીંદગી જીવી શકાતી નથી.



### તમો પણ નીરોગી રહી શકો છો

(૧) ભાઇઓ, બહેનો અને બાળકોએ સૂર્યોદય સમયે સૂર્ય-નમસ્કાર કરવા.

(૨) શુદ્ધ હવા અને ખુલ્લી લીલોતરીયુક્ત જગ્યામાં નિયમિત બે–ચાર માઇલ ચાલનારને કોઇ રોગો થતા નથી–ને થયા હશે તો વહેલા મટે છે.

(૩) ચા, કોફી, કોકો, લેમન, વિમટો વિગેરે રૂપાળા રંગવાળા સરબતો, ઠંડા અને ગમર પીણાનો અતિરેક ઉપયોગ શરીરને ઘસનારો છે. એક પ્રકારના ધીમા ઝેર સમાન છે તેનાથી દૂર રહેવું.

(૪) કોઇ પણ દર્દ થાય એ આપણી જ ભૂલનું પરિણામ છે એમ સમજી યોગ્ય દવા કરવી અને દર્દ મટયા પછી તેવી ભૂલ ન કરવી.

(૫) સાદુ જીવન, સાદો–સાત્ત્વિક ખોરાક, ઉત્તમ વાંચન, ઉત્તમ વિચાર, બ્રહ્મચર્ય ને સત્કર્મ, શાંતિ, મધુરવાણી, ક્રોધરહિતપણું વિગેરે સદાચાર પાળવાથી કોઇ પણ દર્દ વહેલું મટે છે.

(૬) ગેસ, વાયુના ફરિયાદવાળાએ ગાંઠીયા, ભજીયા, ચેવડો વિગેરે ટેસ્ટદાર તળેલા પદાર્થો તેમ જ વાયુ કરતા બ્રેડ, બિસ્કીટ, વાલ–વટાણા, ચણા–બટાટા જેવી ચીજો અને વાસી ખોરાક ન લેવો જોઇએ.

(૭) ખોરાક સાદો, હળવો, તાજો, સહેજ ગરમ હોય તેવો લેવાથી જઠરાગ્નિ પ્રદિપ્ત રહે છે.

(૮) નિર્દોષ આનંદ અને હશી–ખુશી એ ઈશ્વરી ઔષધ છે.

## તંદુરસ્તી માટે આટલું તો કરો જ

૧. ભેંશનું મહત્ત્વ ઘટાડી, ગાયનું મહત્ત્વ વધારો.

૨. શીંગનું મહત્ત્વ ઘટાડી, તલનું મહત્ત્વ વધારો.

૩. બટેટાનું મહત્ત્વ ઘટાડી, સૂરણનું મહત્ત્વ વધારો.

૪. મરચાનું મહત્ત્વ ઘટાડી, સૂંઠનું મહત્ત્વ વધારો.

૫. ચા–કોફીનું મહત્ત્વ ઘટાડી, દૂધનું મહત્ત્વ વધારો.

૬. બજારું પીણાનું મહત્ત્વ ઘટાડી, છાશનું મહત્ત્વ વધારો.

૭. બરફનું મહત્ત્વ ઘટાડી, પક્વ પાણીનું મહત્ત્વ વધારો.

૮. મીઠાઇનું મહત્ત્વ ઘટાડી, સાદા ખોરાકનું મહત્ત્વ વધારો.

૯. ઔષધ–દવાનું મહત્ત્વ ઘટાડી, પથ્યનું મહત્ત્વ વધારો.

૧૦. વિટામિનોનું મહત્ત્વ ઘટાડી, જઠરાગ્નિનું મહત્ત્વ વધારો.

૧૧. બ્રશનું મહત્ત્વ ઘટાડી, તાજા દાતણનું મહત્ત્વ વધારો.

૧૨. વિલાયતી દવાનું મહત્ત્વ ઘટાડી, દેશી દવાનું મહત્ત્વ વધારો.

૧૩. વજનનું મહત્ત્વ ઘટાડી, બળ–તાકાતનું મહત્ત્વ વધારો.

૧૪. હોટેલ–લોજનું મહત્ત્વ ઘટાડી, ઘરના ખોરાકનું મહત્ત્વ વધારો.

૧૫. વાહનોનું મહત્ત્વ ઘટાડી, પગે ચાલવાનું મહત્ત્વ વધારો.

૧૬. સ્વાદનું મહત્ત્વ ઘટાડી, ગુણનું મહત્ત્વ વધારો.

૧૭. દવાખાનાનું મહત્ત્વ ઘટાડી, આરોગ્ય જ્ઞાનનું મહત્ત્વ વધારો.

### સુવાક્ય

સાધકને સત્ત્વગુણનું અભિમાન હોવું જોઇએ નહિ. જેમ માણસને પોતાની સ્થૂલ સંપત્તિનું અભિમાન હોય છે, તેમ પોતાની ચારિત્ર્યરૂપી સૂક્ષ્મ સંપત્તિનું અભિમાન પણ હોઇ શકે છે. પણ એ અભિમાન નકામું છે. ખોટું છે. એનાથી સાધકની આધ્યાત્મિક પ્રગતિમાં બાધા આવી શકે છે. એટલે તેનાથી બચવા સાધકે જાગ્રત રહેવું જોઇએ.

**યોગેશ્વરજી**

સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩

# યાત્રા-પરમની સંગાથે

સુરેશ શાહ-ટોરન્ટો, કેનેડા

[નોંધ : છેલ્લા કેટલાક મહિનાઓ દરમ્યાન શ્રી યોગેશ્વર પરિવારના સાધક ભાઈબહેનો અમને મળે ત્યારે ત્રણચાર વાતો પૂછતાં હોય છે. પૂ. મા હાલ ક્યાં છે? તેઓનું મૌન છૂટયું કે કેમ? તેઓ શું કરે છે અને ભારત ક્યારે પધારશે? અમે આ પ્રશ્નોના શું જવાબ આપી શકીએ? જેટલું જાણતા હોઈએ તેટલું કહીએ. પરંતુ શ્રી સુરેશભાઈ શાહના આ પત્રથી તેમ જ તેઓની યાત્રાની નોંધોથી પૂ. મા વિષેના પ્રશ્નોના લગભગ બધા જવાબ મળી જાય છે. ફક્ત પૂ. મા ભારત ક્યારે પધારશે તેની માહિતી તેમાં નથી. એ તો પ. પૂ. ગુરુદેવ પૂ. માને જેમ પ્રેરણા કરશે, તેમ જ તેઓ કરશે. એટલે આપણે સહુએ તો પૂ. ગુરુદેવશ્રીને જ પ્રાર્થના કરવાની કે તેઓ પૂ. માને ભારત આવવા પ્રેરણા કરે. આપણે તે સિવાય બીજું કરી પણ શું શકીએ?

આ નોંધની નીચેનું લખાણ શ્રી સુરેશભાઈ શાહના પત્રનું છે. તે એટલા માટે મૂક્યું છે કે તેનાથી પૂ. મા વિદેશમાં મૌન રાખીને રહ્યા છતાં જનહિતાર્થે શું કરી રહ્યાં છે તેનો ખ્યાલ આવે છે. અસ્તુ. —તંત્રી]

અહીં પૂ. માનું મૌન એકધારું ચાલુ જ છે. મંત્રજપ, નિર્જળાવ્રતના ઉપવાસો પણ સતત ચાલુ છે. પૂ. માનું સ્વાસ્થ્ય સારું છે. ખૂબ પ્રસન્ન છે.

હિમાલયના પત્રોનું સત્સંગની બેઠકોમાં વાંચન કરીએ ત્યારે



દરેક પત્રના દરેક પાને તમારું સવિશેષ સ્મરણ થાય છે. સમર્થ સંતનું સતત સાન્નિધ્ય સાંપડયું, જીવન ધન્ય બની ગયું.

આ સાથે "અધ્યાત્મ" માટે પૂ. મા સાથે કરેલી યાત્રાનું વર્ણન કરતા લેખો (અહેવાલો અને અવલોકનો) મોકલું છું. તંત્રી તરીકે જરૂરી કાપકૂપ, સુધારાવધારા કરશો તો કૃપા થશે. તમારા જેવું વિશાળ જ્ઞાન, ભાષાનો કાબૂ અને શબ્દો તથાભાવોની રજૂઆત મારી અલ્પબુદ્ધિથી થએલા લેખનમાં નથી. જેમને યાત્રાનો લાભ નથી મળ્યો તથા પૂ. માની વિદેશની પ્રવૃત્તિથી જે વાકેફ નથી તેમના લાભાર્થે જ આ લેખનકાર્ય કર્યું છે.

ઓઝાના શિબિરનો વિશેષાંક સુંદર છે, તમારી કાળજી અને જહેમત અભિનંદનને પાત્ર છે. મારા દરેક પત્રનો જવાબ અતિનિયમિત રીતે આપ આપો છો તે મારું સદ્‌ભાગ્ય છે.

પૂ. મા ન્યુજર્સીથી તા. ૧૦/૫ ના રોજ ટોરોન્ટો પધાર્યાં છે. તા. ૧૧/૫ ના રોજ "Mothers' Day" હતો. કાર્યક્રમ રાખ્યો હતો. પૂ. મા હવેના દિવસોમાં દરેક સાધકના નિવાસે સત્સંગ સભા યોજવાનાં છે અને સૌને દર્શનનો લાભ આપશે. મારી દૃષ્ટિએ વિદેશમાં પૂ. માનું વિચરણ અનેક જીવોના ઉદ્ધાર માટે જ છે.

યાત્રા તીર્થસ્થળોની હોય, નગરયાત્રા અને શોભાયાત્રા જાહેરાત કે પ્રસિદ્ધિ માટે હોય, પણ જે યાત્રામાં પરમાત્માના પરમતત્ત્વનું, અરે, પરમનું જ સાન્નિધ્ય હોય તે યાત્રા અનેરી હોય છે. જીવની શિવ સાથેની અને આત્માની પરમાત્મા સાથેની એ યાત્રાનું વર્ણન શબ્દોથી ના થઈ શકે. તેને માટે અંતરની દૃષ્ટિ જોઈએ, ભાવિક હૃદય જોઈએ, પરમનો અનુરાગ જોઈએ અને મનના વિશુદ્ધ ભાવો જોઈએ. પરમનું સતત સાન્નિધ્ય દર્શનના

અધિકારી બનવા પૂ. મા જેવા વિતરાગી સંતના આશીર્વાદ અને કૃપા જોઇએ.

"જ્યાં જ્યાં પગલા પડશે ત્યાં ત્યાં તીર્થો સર્જાશે, જ્યાં જ્યાં જશો અને વસશો ત્યાં સ્વર્ગસમો આનંદ મળશે."–પૂ. શ્રીના આ શબ્દોનો ધ્વનિ હજુ ગુંજ્યા કરે છે. તેની પ્રતીતિ એટલે પરમની સંગાથે કરેલી યાત્રા.

તા. ૨૦ એપ્રિલ–'૯૭ થી તા. ૪ મે–'૯૭ સુધીના પંદર દિવસમાં અમેરિકાના સત્તરસો માઇલની મોટરમાર્ગે પૂ. માએ યાત્રા કરી–કરાવી. અમેરિકાના ટેનેસી, આરકાંસાસ, ઓકલોહોમા અને કાંસાસ રાજ્યોને આવરી લેવાયાં–યાત્રાનો પ્રધાન સૂર–સંસારમાં જીવોની–

* આર્તનાદથી કરેલી પ્રાર્થના સંભળાય છે, તેની પ્રતીતિ કરાવવા.

* પ્રાર્થના નિષ્ફળ જતી નથી–વહેલી મોડી પણ જરૂર સંભળાય છે.

* સંસારના તાપથી તપેલા જીવોને શાંત્વન આપવા.

* જીવનની અશુદ્ધિઓનો અંત લાવી જીવન પવિત્ર બનાવવા.

* બાળકોની ઊગતી પેઢીને ધર્મનો સાચો અર્થ સમજાવવા અને જીવનશુદ્ધિ માટે આહાર, વિહારના નિયમો સમજાવવા માટેનો છે.

યાત્રામાં પૂ. માના ઉપવાસો, વ્રત, તપ અને મંત્રજાપ ચાલુ જ રહે છે. કોઇને પૂ. માની કૃપાથી શારીરિક મુશ્કેલી પડતી નથી.

પરમની સંગાથેની યાત્રાનું વર્ણન શબ્દભાવે, જેમને પણ આ



યાત્રાનો લાભ નથી મળ્યો, તેમના લાભાર્થે કર્યો છે. લેખનમાં ક્ષતિ હોય તો મારી છે, જે માટે ક્ષમા યાચું છું. પરમની સંગાથે પરમતત્ત્વનું પાન કરતાં કરતાં જે યાદ રહ્યું તેનું નિરુપણ અહીં કરવામાં આવ્યું છે.

યાત્રાની ફલશ્રુતિ–(૧) દર્શન. (૨) સાન્નિધ્ય. (૩) સંબોધન. (૪) સમાગમ. (૫) અવલોકન. (૬) આત્માનંદ. (૭) આતિથ્ય. (૮) નિજાનંદ. (૯) ઔદાર્ય. (૧૦) અભિસરણ. (૧૧) મુક્ત વિચરણ. (૧૨) શ્રી ચરણોનાં દર્શન.

પૂ. શ્રીના યુવાનકાળે, સાધનાત્મક જીવન દરમ્યાન હિમાલયથી લખાયેલા પત્રો, શ્રી પરમારથીની કબીરસાહેબની સાખી, સાખીના સંદર્ભમાં પૂ. શ્રી અને પૂ. માના સાધનાત્મક જીવનના પરિચયની સમાલોચના અને વૈજ્ઞાનિકતા સાથે આધ્યાત્મિકતાને વણી લેવી તથા યુવાનો અને અંગ્રેજીમાં જ વ્યવહાર કરતા ઘણા બધા માટે શ્રી સુરેશભાઇ શાહનું અંગ્રેજીમાં ભાષાંતર, વર્ણન તથા આલેખન, યાત્રાના આકર્ષણો હતાં.

પૂ. માનું સ્લેટ ઉપરનું લેખન, શિલાલેખો અને તામ્રપત્ર ઉપર લખેલા ઉપદેશો જેવા બોધદાયક હતા.

યજમાનોની ઉદારવૃત્તિ અને સૌજન્ય સૌને સ્પર્શે તેવાં હતાં.

પૂ. માની વિનોદવૃત્તિ સૌનો થાક, આળસ અને ઊંઘને હળવા કરતી હતી. શ્રમ પૂ. માએ લીધો, થાક પૂ. માએ સહન કર્યો પણ મુક્તમને વિચરણ કરી સૌની યાત્રા આનંદદાયક બનાવી પૂ. માના ઔદાર્યનું વર્ણન કેમ કરી શકાય?

આશા રાખીએ કે પરમની સંગાથે કરેલી આ યાત્રા જીવનમાં અલ્પવિરામ માટે જ હોય, પૂર્ણવિરામ ક્યારેય ના આવે. તેવી અંતરેચ્છા સાથે યાત્રી વિરામ પામે છે.

## પૂ. મા (કેલિફોર્નીયા) લોસ એંજલસની યાત્રાએ

સંસારમાં પ્રત્યેક જીવ પૂર્વજન્મના સંસ્કારો પ્રમાણે સંતોનું દર્શન પામે છે. કેટલાક બડભાગી જીવો સંતનું સાન્નિધ્ય પામે છે અને આંગળીને વેઢે ગણી શકાય તેવા અલ્પજીવો પૂ. મા સર્વેશ્વરી જેવા સમર્થ સંત સાથે યાત્રા કરી શકે છે. બધી યાત્રામાં બધા જ જીવો જોડાઇ શકતા નથી. પૂ. માની તા. ૧૫, ૧૬ અને ૧૭ એપ્રિલની લોસએંજલસની યાત્રામાં અમે સહભાગી થવા સદ્-ભાગી ન હતા પણ જેઓ તે યાત્રામાં યાત્રી બન્યા હતા તેમની દ્વારા પ્રાપ્ત થએલા ભાવોની આ શબ્દયાત્રા છે.

પૂ. મા મૌનમાં છે, મૌનમાં જ રહે છે છતાં સૌ યાત્રીઓ પૂ. માના દર્શનમાત્રથી પરિતૃપ્તતા પામે છે, આનંદ અનુભવે છે અને મનમાં પરમશાંતિ પ્રસ્થાપિત કરે છે.

તરુવરો પોતાના ફળ અને છાંયડો, સરિતા પોતાનું સલિલ અને ધરતી, આકાશ, સૂર્ય અને ચંદ્ર પોતાના પ્રાકૃતિક તત્ત્વોનો કોઇ પણ ભેદભાવ રાખ્યા વગર સૌને એકસરખો લાભ આપે છે, તેમ સંતો કે જેઓ પરમાત્માના પ્રતિનિધિ છે તેઓ પણ પોતાનું સમગ્ર જીવન જનકલ્યાણ તેમ જ આત્મકલ્યાણ માટે ખર્ચે છે.

યજમાન શ્રી ભગવાનજીભાઇ ભક્ત અને શ્રીમતિ કંચન-બેનના ઘેર તા. ૭–૪–'૯૭ થી તા. ૧૪–૪–'૯૭ પૂ. માના સાન્નિધ્યમાં સત્સંગનો જાહેર કાર્યક્રમ યોજાય છે. શ્રી પરમાર્થી દરરોજ એક કલાક સંત કબીરજીની એક સાખી ગાઇને તેનો ગૂઢ અર્થ સૌને સરળભાષામાં સમજાવે છે. સાથે પૂ. શ્રી અને પૂ. માના આધ્યાત્મિક જીવનના જાહેરમાં નહીં આવેલા ઘણા બધા પ્રેરણાત્મક પ્રસંગોનું રસપાન પણ સૌને કરાવે છે. પૂ. માના



સાધનાત્મક જીવનની વિશેષતા અને વિશિષ્ટતા ઉપર પણ સૌનું ધ્યાન દોરે છે.

આ યાત્રામાં ઇન્ડીઓ, લ્બાઇથ, ફીનીક્ષ, નોગોલસ, વીલ-કોકસ અને હીલાલેન્ડનો સમાવેશ થાય છે. મોટરમાર્ગે લગભગ ૧૫૦૦ માઇલની યાત્રા થાય છે. બધી જ જગ્યાએ સત્સંગના કાર્યક્રમો યોજાય છે. વીલકોકસમાં રામનવમીનો પવિત્ર તહેવાર ઉજવાય છે. ભજન, ગરબા અને પૂ. માનું દર્શન આ જાહેર કાર્યક્રમની વિશેષતા છે.

સમગ્ર યાત્રામાં પૂ. માનું મૌન હોવાથી, શ્રી પરમાર્થી પૂ. માનું માધ્યમ બને છે અને પોતાના અસીમ જ્ઞાનનો સૌને રસાસ્વાદ કરાવે છે. પૂ. માની કૃપા અને પૂ. શ્રીનો અનુગ્રહ આ માટે સહાયરૂપ છે, તેમ તેઓ અમને જણાવે છે. શ્રી પરમાર્થીની પરોપકાર વૃત્તિને બીરદાવ્યા વગર કેમ રહી શકાય!

તા. ૧૯–૪–'૯૭ ના રોજ, કારસનના રામકબીર મંદિરમાં જાહેર કાર્યક્રમ યોજાય છે. લગભગ ચારસો ઉપરની સંખ્યામાં ભક્તજનો પધારે છે. અને પૂ. માનાં દર્શનથી પાવન થયાનો સંતોષ મેળવે છે.

**વિદેશની ધરતી ઉપર પૂ. માનું વિચરણ**–(૧) સ્વ, માટે નહીં સમસ્ત માટે છે. (૨) આત્મકલ્યાણ સાથે જનકલ્યાણ માટે છે. (૩) નવી પેઢીના માર્ગદર્શન માટે છે. (૪) આધ્યાત્મિકતાના જીવંત ઇતિહાસોની સમજ માટે છે. (૫) ગુરુકૃપાનો મહિમા ગાવા માટે છે. (૬) શ્રદ્ધા અને ભક્તિનું રસપાન સૌને કરાવવા માટે છે. (૭) શિક્ષણ, શિક્ષા, સંસ્કારની પરિભાષા સમજાવવા માટે છે.

જ્યાં વાણી સીમિત થઇ જાય છે, મૌન છવાઇ જાય છે અને

એ મૌન, મહાભાષા બની જાય છે છતાં તેમાંથી મળતી પ્રેરણા અને માર્ગદર્શન સૌ પોતપોતાની પાત્રતા પ્રમાણે ઝીલી શકે છે. અમારે મન પૂ. માનું વિદેશ વિચરણ ભૌતિક સુખોનો અનુભવ કરવા નહીં પણ પરમાત્માની પરમશક્તિની પરમ સમીપે સૌને પ્રેરવા માટે છે.

પૂ. માના શ્રી ચરણોમાં પ્રણામ સાથે પ્રાર્થના કે સૌને તેમનું જીવન કવન સમજવાનું સામર્થ્ય બક્ષે.

૨૦ એપ્રિલ-૧૯૯૭, રવિવાર.

સંતસમાગમ, સંતનું સાન્નિધ્ય અને સંતનું દર્શન પર્યેક જીવના સંસ્કારો અને પરમાત્માની પરમ કૃપાપર અવલંબે છે. પૂ. માની આજ્ઞાથી અને અનુગ્રહથી પૂ. માના દર્શન માટે મને ધર્મપત્ની સાથે જવાનો લાભ મળે છે. પૂ. માના દર્શન ૧૫ મી માર્ચે, ન્યુજર્સીમાં કર્યા ત્યારથી અંતરાત્મા એ પરમાત્મા સ્વરૂપ પૂ. માના સાન્નિધ્ય માટે અકથ્ય વેદના અનુભવતો હતો અને એ ચુંબકીય આકર્ષણ જ આ પ્રવાસ માટે નિમિત્ત બન્યું.

ટોરોન્ટોથી ૨૦ એપ્રિલને રવિવારના રોજ સવારે નોર્થવેસ્ટ એરલાઇન્સથી ડીટ્રોઇટથી મેમ્ફીસ, (ટેનેસી) એરપોર્ટ ઉપર લગભગ બપોરે ૪-૦૦ વાગે આવ્યા. શ્રી લલ્લુભાઇ એરપોર્ટ ઉપર ઉમળકાભેર સત્કારે છે સાથે નાની પૌત્રી કૃપા પણ છે. લગભગ ૭૦ ફ઼ે. ના ખુશનુમા હવામાનમાં અડધો કલાક જેવો એરપોર્ટથી ઘરનો રસ્તો કપાય છે. મિતભાષી અને જરૂર પૂરતું જ બોલનાર શ્રી લલ્લુભાઇ અમને મોટેલ ઉપર લઇ આવે છે. શ્રીમતી ગુલાબબેન પુષ્પ અને કુમકુમ તિલકથી પોતાને ઘેર મહેમાનોનું સ્વાગત કરે છે. ઉદ્‌ગારો નીકળે છે. "આજ મારે આંગણે હો, પ્રભુના પ્રેમી પધાર્યા," મંદિરમાં પ્રણામ કરી, ભોજનને ન્યાય આપી અમે એકાદ કલાકમાં પૂ. માના દર્શન માટે મેમ્ફીસથી લીટલરોક જવા નીકળીએ છીએ. રસ્તામાં મીસીસીપી નદી પસાર કરવી પડે છે. વિશાળ નદીના પટને આધુનિક પુલથી આંતર્યો છે.



કલાકના ૭૦ માઇલની ઝડપે ચાલતી મોટરની ગતિ ધીમી લાગે છે કારણ મનની ગતિ, પૂ. માના પાવનદર્શન કરવા, અમર્યાદિત થઇ ગઇ છે. ત્રણેક કલાકના પ્રવાસમાં પૂ. શ્રીની સંત તરીકેના સવિશેષતાઓ, પૂ. માના કઠિન સાધના અને સૌના અંગત અનુભવોની રસલ્હાણ લેતાં અમે આરકાન્સાસ સ્ટેશન લીટલરોક શહેરમાં પ્રવેશીએ છીએ. Acme Motelમાં કે જ્યાં પૂ. મા પધાર્યા છે તેના પ્રાંગણમાં મોટર બરોબર રાતના ૮-૦૦ વાગે પ્રવેશે છે.

મંદમંદ પવન વાઇ રહ્યો છે, આખા દિવસના સખત પરિશ્રમથી થાકેલા સૂર્યદેવ અસ્ત થઇ રહ્યા છે અને સ્વચ્છ આકાશમાં ચંદ્રમા જાણે પૂ. માને નિરખવા બહાર આવતા જણાય છે. પૂ. માના આવાસના ઓરડાના એ અર્ધખુલ્લા દ્વારમાંથી પૂ. માનું દર્શન થાય છે. આનંદવિભોર પૂ. મા પલંગમાંથી ઠેકડો મારી ઓરડાની બહાર મોટર પાસે આવી જાય છે. પ્રતીતિ કરાવે છે કે, "ભક્ત એક પગલું ચાલે તો ભગવાન દસ ડગલાં સામે આવે છે. પૂ. માને સૌ પ્રણામ કરે છે. પૂ. મા માટે લાવેલાં પુષ્પો પૂ. મા સીટ ઉપરથી લઇ બંને હાથ પાછળ લઇ જઇ સંતાડી દે છે. અમે પૂ. માને પુષ્પની ભેટ ધરીએ તે પહેલાં તે સુંદર પુષ્પો શ્રી મા અમને સૌને આપે છે અને પૂ. મા સૌનું અભિવાદન કરે છે. સંતનું આવું નિખાલસ, પ્રેમાળ, આત્મીય વર્તન સૌને મુગ્ધ કરે છે. આનંદ આપે છે. પૂ. મા અમારાથી ફક્ત બે જ કલાક પહેલાં શ્રી ઈશ્વર-

ભાઇ પરમાર્થી અને શ્રીમતિ મણીબેન સાથે કેલીફોર્નીયાથી પ્લેઇનમાં લીટલરોક આવ્યાં હોવા છતાંય શ્રમિત લાગતાં નથી. થાક શરીરને લાગે, દેહાતીત દશા ધરાવતાં પૂ. માને થાક કેવો!

પૂ. શ્રી ૧૯૮૧ માં પધાર્યાં તે જ રૂમમાં પૂ. મા બિરાજે છે. સામે જ પૂ. શ્રીનું સ્વરૂપ છે. સ્લેટથી પૂ. મા સૌ સાથે ખબરઅંતર પૂછે છે. અને પોતે બોંતેર કલાકથી કશું જ લીધું નથી છતાં સૌને ભોજન લેવા આગ્રહ કરે છે. આ યજમાન પરિવાર એટલે ઓગ્રેના શિબિરના આયોજક શ્રી જગદીશભાઇનાં બહેન ભારતી-બેન અને રમેશભાઇ સાથે શારદાબેન પણ ખરાં. સૌનું તિલકથી અભિવાદન થાય છે. સૌ ભોજન લઇને પોતાના રૂમમાં આરામ માટે જાય છે.

શ્રી ઈશ્વરભાઇ પરમાર્થી, કબીર સાહેબની સાખી ગાય છે અને હળવો સત્સંગ કરાવે છે.

કબીરકા ઘર શિખર પર, જહાં સીલહિલી હૈ ગૈલ,
પાંવ ન ટકે પિપીલિકા, તહાં ખલકત લાદૈ બેલ.

અર્થાત્, કબીર સાહેબનું ઘર ઊંચા શિખર ઉપર છે, જ્યાં જવાની પગદંડી ખૂબ જ સાંકડી અને લપસણી છે, જે માર્ગે કીડી પણ ના જઇ શકે તે માર્ગે માણસો બળદગાડાં ભરી ભરીને માલ-સામાન લઇ જવા મથે છે. આ વાચ્યાર્થનો આધ્યાત્મિક અર્થ એવો થાય છે કે, ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા માટે મોટા પર્વતના શિખર જેવી ઊંચી, અનૂટ અને સીધા ચઢાણવાળી કપરી સાંકડી કેડી ઉપર અખંડ શ્રદ્ધાથી ભક્તિ કરવી પડે અને મનના મોટા વિકારો, વિષયો, સાંસારિક ઇચ્છાઓની સાથે ઈશ્વરદર્શન ના થઇ શકે.

આ સાખી પૂ. માના જીવનમાં સાંગોપાંગ આપણને વણાએલ જોવા મળે છે. પૂ. મા ગુરુભક્તિની સીધા ચઢાણની કેડી ઉપર,



આત્મસમર્પણની સંપૂર્ણ તૈયારી સાથે સાધનામય જીવન જીવી રહ્યાં છે અને અનાસક્તિ, અપરિગ્રહ અને અનન્ય શ્રદ્ધાભક્તિથી આતમના અજવાળાં પાથરી રહ્યાં છે.

હે મા, મનની સ્વસ્થતા માટે, હૃદયની સ્વચ્છતા માટે તારી ઉપાસના અમે કરી શકીએ તેવી અચળ શ્રદ્ધાભક્તિનું દાન કર.

હરિ: ૐ (ક્રમશ:)

## * ગુરુપૂર્ણિમાની ઉજવણી *

આ વર્ષે ગુરુપૂર્ણિમાનું પર્વ તા. ૨૦-૭-૯૭ ના રોજ આવે છે. આથી યોગેશ્વર પરિવારનાં સર્વ કેન્દ્રો આ દિનની ઉજવણી પોતપોતાના કેન્દ્ર ઉપર કરે. પ. પૂ. યોગેશ્વરજીના જન્મદિન ૧૫ મી ઓગસ્ટની ઉજવણી ક્યાં અને કેવી રીતે કરવી તે અંગે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી કેન્દ્રોને જો કોઇ સૂચના ન મળે, તો તે પર્વ પણ પોતાની રીતે ઉજવવાનું રહેશે.

—તંત્રી

# શ્રીગંગાલહરી-(૩)

સંસ્કૃતમાં : પંડિત જગન્નાથ
ભાવાનુવાદ : શ્રી પરમાર્થી

૩૪

સુવર્ણ ચોરે, મદિરા પીવેને
જુએ સતીને નિત દુષ્ટકામે!
ને બ્રહ્મહત્યા કરનાર જો મરે,
તારે તટે તો ગતિ શ્રેષ્ઠ પામે!
સામર્થ્ય તારું જનની અનન્ય
વખાણતા દેવ જનો સદાય!

૩૫

હરે વિયોગી જનના જીવો તે
સુદિવ્ય પુષ્પોની સુગંધ લાવે
ગણાય તે દુર્લભ વાયુ દેવ!
મા તે તમારો યદિ સ્પર્શ પાવે
ત્રિલોકને તૂર્ત કરે પવિત્ર!
એવો જનેતા મહિમા અનંત!

૩૬

ચહે સમૃદ્ધિ જન કોઇ ભૌતિક,
કો ઝંખનાથી સુખ સ્વર્ગ ચાહે,
ને નિત્ય યત્નો કરતા રહે તે!
કિન્તુ જનન્નાથ ઉછંગ માંહે
સૂતો નિરાંતે સહુ ભાર સોંપી,
શ્રદ્ધા પતાકા ઉરમાંહિ રોપી!



૩૭

છો હોય ઢોંગી, દીન, હીન, દુષ્ટ,
તેનો સમુદ્ધાર કરે સદાય!
એ ટેવ તારી બદલે ન કોદિ!
આસક્તિ તેવી મુજની અશક્ય
કેમે કરી ના બદલાય માડી!
શક્યું અહો કોણ સ્વભાવ છોડી?

૩૮

પ્રદોષ કાળે હરની લીલાથી
ખડી થતી મસ્તકની જટામાં
ફેલાવતી હસ્ત સ્વરૂપ લ્હેરો
ને નાદ વીચિ ડમરુ સમો મા–
તારું અહો તાંડવ નૃત્ય લાગે!
એથી અમારે ઉર ભક્તિ જાગે!

૩૯

આરંભથી જીવનનો જનેતા
સોંપ્યો બધો ભાર તને જ શ્રેયનો!
હવે મને જો તજશે તું માડી
રે'શે ભરોસો તુજમાં ન કોઇનો!
દયાળુ માડી જરી તો વિચારો
છે એક મારો બસ તું સહારો!

૪૦

સંયુક્ત અંગો શિવ ને શિવાના
તેની જટામાં રમતી તું છાની!
હિલ્લોળતી તું ભૂલથી ખસીને
આવી ચઢે સેંથીમહીં ઉમાની

તો શોક્યને ક્રોધથી દ્વેષઘેરી
જરી મૂકે હાથવડે ધકેલી!

૪૧

દયાળુ તારો નિરખી સ્વભાવ
આવે બધાંયે તુજ મા સહારે!
દુઃખોથી થાકી અથવા પ્રધાન
ઇચ્છાની પૂર્તિ કરવા પધારે!
મને પરંતુ અનુરાગ જાગ્યો
ઇચ્છા વિહોણો શરણે હું આવ્યો!

૪૨

સ્હેજે ધરે જો શિર કોઈ માટી
આદિત્ય અંધાર હરે શું તેમ
અજ્ઞાન તેનું દૂર થાય સત્વર,
ને દિવ્ય જાણે વરસે રહેમ!
લેખો લલાટે વિધિના ભૂંસાય,
સામર્થ્ય એવું મદનું સદાય!

૪૩

હાંસી કરે મા તવ વૃક્ષરાજિ
વિમૂઢ લોકો તણી જે પ્રસુમઃ
"આસક્તિ છોડી ભ્રમરો પધારો
માણી સુગંધી નિત થાવ મુક્ત!"
રે દિવ્ય છે સૌરભયુક્ત તારાં
વૃક્ષો બનો મિત્ર બધાં અમારાં!

૪૪

ઉપાસના દેવતણી કરે કો,
કોઈ સાધનાઓ શ્રમસાધ્ય સર્વ!



કો યજ્ઞયાગે રત, કોઈ યોગે
આત્માની પ્રાપ્તિ કરવા સગર્વ!
તલ્લીન તારે સ્મરણે છું ફક્ત,
લાગે બધું ઘાસ સમાન તુચ્છ!

૪૫

કલ્યાણ દેવો કરતા જણાય
સૌ પુણ્યશાળી જનનું સદૈવ!
સત્કર્મ જેણે ન કર્યાં પરંતુ
કે દેવ પૂજા ય કરી ન સેવ—
બધા પ્રકારે અસહાય તેનું,
તારા વિના શ્રેય કરે કોણ છાનું?

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા
સંદીપ વેલ્ડીંગ વર્ક્સ
ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત—૩૯૫૦૦૭
ફોન : ૬૬૮૨૩૧

# અરુણાચલની તળેટીમાં પોલ બ્રન્ટન

(ગતાંકથી ચાલુ)

મૂળ લેખક : પોલ બ્રન્ટન
અનુવાદક : યોગેશ્વર

દક્ષિણ ભારતની રેલવેના છેલ્લા સ્ટેશન મદ્રાસથી હું અને સુબ્રમણ્ય સિલોન બોટ ટ્રેનના ડબામાં બેઠા. થોડા કલાકો સુધી ચિત્રવિચિત્ર દૃશ્યો વચ્ચેથી અમે આગળ વધ્યા. ડાંગરનાં લીલાંછમ ખેતરો, ફીકી રાતી ટેકરીઓ, અને ભભકાદાર નાળિયેળના વૃક્ષોની ઘટાદાર વાડીઓની વચ્ચે છૂટાછવાયા ખેડૂતો કામ કરી રહ્યા હતા.

મેં બારી પાસે બેઠક લીધી, પરંતુ રાત્રિનો અંધકાર ધરતી પર બધે ફરી વળવા માંડયો એટલે મારા મગજને બીજા વિચારોમાં લગાડી દીધું. બ્રહ્મે આપેલી સોનાની વીંટી પહેર્યા પછી મારા જીવનમાં બનવા માંડેલી અદ્‌ભુત ઘટનાઓ મને યાદ આવી. મારી યોજનાઓ બદલાઇ ગઇ : અને અણધાર્યા પ્રસંગોની પરંપરા મારા જીવનમાં પેદા થઇને મારી ધારણા પ્રમાણે મને પૂર્વ દિશામાં લઇ જવાને બદલે દૂર ને દૂર દક્ષિણમાં લેતી ગઇ. મને પ્રશ્ન થયો કે આ સોનાની વીંટીમાં જે પથ્થર છે તેની અંદર યોગીએ દાવો કર્યા મુજબની અલૌકિક શક્તિ છે? મેં મારા મગજને ખુલ્લું રાખવાનો પ્રયાસ કરી જોયો, છતાં એવું તો લાગ્યું જ કે વૈજ્ઞાનિક ઢબે કેળવાયેલા કોઇ પણ પશ્ચિમવાસી એ વિચારને માન્ય નહિ રાખે. એ વિશેની બધી શંકા મેં મનમાંથી કાઢી નાંખી, પરંતુ મારા વિચારોની પાછળની અચોક્કસતાનો અંત આણવામાં મને સફળતા ન મળી. પગલાં પર્વતીય આશ્રમ તરફ શા માટે આગળ વધી રહ્યાં છે? ભગવા ઝભ્ભાવાળા બે પુરુષોએ ભાગ્યના દૂત બનીને મારી



નીરસ દૃષ્ટિને મહર્ષિની દિશામાં વાળવાનું શા માટે ઉચિત માન્યું? ભાગ્ય શબ્દનો પ્રયોગ હું કોઇ સામાન્ય અર્થમાં નહિ પરંતુ બીજો વધારે સુંદર શબ્દ ન મળવાથી જ કરી રહ્યો છું. મારા ભૂતકાળના અનુભવે મને શીખવ્યું છે કે દેખીતી રીતે મહત્ત્વની ન લાગતી ઘટનાઓ મનુષ્યની જિંદગીના ઘડતરમાં અણધાર્યો ભાગ ભજવતી હોય છે.

ભારતમાંના ફ્રેંચ સંસ્થાનના નાનાસરખા અવશેષ જેવા પૉંડીચેરીથી ચાળીસ માઇલ દૂર ટ્રેનમાંથી નીચે ઊતરીને અમે રેલવેનો મુખ્ય માર્ગ છોડી દીધો. અંદરના ભાગમાં આશરે બે કલાક સુધી વેરાન વિશ્રામગૃહના ઝાંખા પ્રકાશમાં પ્રતીક્ષા કરી. બહારના નિર્જન પ્લૅટફૉર્મ પર તારાના તેજમાં અસ્પષ્ટ દેખાતા, પ્રેતને મળતા આવતા ઊંચા શરીરવાળા પેલા સાધુપુરુષ આંટા મારવા માંડયા. આખરે કવખતે આવેલી, પાટા પર એકધારો અવાજ કરતાં આગળ વધતી ટ્રેનમાં અમે આગળ વધ્યા. ટ્રેનમાં મુસાફરો બહુ ઓછા હતા.

મને સ્વપ્નાંવાળી થોડાક વખતની સરસ ઊંઘ આવી ગઇ. છેવટે મારા સાથીદારે મને જાગ્રત કર્યો. અમે રસ્તામાં આવતા એક નાના સ્ટેશને ઊતરી પડયા, અને ઘોંઘાટ કરતી ગાડી શાંત અંધકારમાં આગળ વધી. રાત્રિ હજી પૂરી નહોતી થઇ, એટલે કોઇ પણ જાતના આરામ વિનાના, ખુલ્લા નાના વિશ્રામગૃહમાં અમારે બેસવું પડયું. એનો નાનો દીવો પણ અમે જ સળગાવ્યો.

રાત્રીની સાથે દિવસ સર્વોપરિપણા માટે લડતો હતો તે દરમિયાન અમે ધીરજપૂર્વક રાહ જોતા બેસી રહ્યા. છેવટે પરોઢનો વખત થયો, અમારા ઓરડાની પાછળની નાની ખુલ્લી

બારીમાંથી એનું આછું અજવાળું અંદર આવ્યું ત્યારે આજુ-બાજુનો જે ભાગ જોઇ શક્યો તે જોવાનો મેં પ્રયાસ કરી જોયો. સવારના ધુમ્મસને પેલે પાર, દેખાતી રીતે જ થોડાક માઇલ દૂર એકાંત પર્વતમાળાની આછીપાતળી આકૃતિ દેખાઇ. એની તળેટી ઘણી આકર્ષક લાગી, કાયા પણ સારી પેઠે વિસ્તરેલી દેખાઇ, પરંતુ વહેલી સવારના ધુમ્મસથી ખૂબ ખૂબ ઢંકાયેલું હોવાથી એનું મસ્તક કે શિખર ન જોઇ શકાયું.

મારા માર્ગદર્શકે બહાર જવાનું સાહસ કરીને બળદગાડીમાં ઘસઘસાટ ઊંઘતા કોઇ માણસને શોધી કાઢ્યો. એકાદ બે બૂમો પાડવાથી એ જાગી ગયો, અને પોતાને કરવાના કામની ખબર એને પડી ગઇ. અમારા ગંતવ્યસ્થાનની માહિતી મળતાં એ અમને બળદગાડીમાં બેસાડવા તૈયાર થયો. બે પૈડાને આધારે તૈયાર કરેલા વાંસના ચંદરવાવાળા એના એ સાંકડા સાધન તરફ મેં શંકાશીલ નજરે જોવા માંડયું. આખરે અમે મુશ્કેલીનો અનુભવ કરતાં ઉપર ચડી ગયા, અને ગાડીવાળાએ અમારી પાછળ સામાન ગોઠવ્યો. પેલા સાધુપુરુષ એક વ્યક્તિને જેટલી ઓછામાં ઓછી જગ્યા જોઇએ એટલી ઓછી જગ્યામાં બેસી ગયા. ચંદરવો નીચો હોવાથી નીચો નમીને હું પગને લટકતા રાખીને બેસી ગયો. ગાડીવાળો બંને બળદની વચ્ચેના લાકડાના દાંતા પર, હડપચીને ઘૂંટણે લગાડીને બેસે તેમ બેઠો, અને જગ્યાનો પ્રશ્ન એવી રીતે ઓછાવત્તા પ્રમાણમાં સંતોષકારક રીતે ઊકલી ગયા પછી અમે એને આગળ વધવા જણાવ્યું.

બંને મજબૂત બાંધાના, નાના, સફેદ બળદોના રસપ્રદ પ્રયાસો છતાં અમારો વેગ ઘણો ધીમો હતો. ભારતના અંદરના ભાગોમાં એ સુંદર પ્રાણીઓ ઘણાં ઉપયોગી નીવડે છે, કારણ કે ઘોડા



કરતાં ગરમી સહન કરવામાં એ વધારે શક્તિશાળી છે અને એમનો ખોરાક પણ ઘોડાના ખોરાકની સરખામણીમાં વધુ ખર્ચાળ નથી હોતો. શાંત ગામડાં તથા નાનાં શહેરોના રિવાજો સૈકાઓ વીતવા છતાં વધારે નથી બદલાયા. ઇસવી સન પૂર્વે ૧૦૦ વરસ દરમિયાન મુસાફરને એક સ્થળમાંથી બીજા સ્થળમાં લઇ જતાં બળદગાડાં બે હજાર વરસ પછી આજેય એને લઇ જવાનું કામ કરી રહ્યાં છે.

ટીપેલા કાંસાના રંગના મોઢાવાળા અમારા ગાડીવાળાને બળદો માટે ઘણું ગૌરવ હતું. એમનાં લાંબા સુંદર અણિયાળાં શીંગડાં સુંદર ઘરેણાંથી શણગારવામાં આવ્યાં હતાં. અને એમના પાતળા પગે પિત્તળની રણકાર કરતી ઘંટડીઓ બાંધેલી. એમના નાકમાં નાંખેલી નાથની મદદથી એમને હાંકવામાં આવતા હતા. એમના પગ ધૂળિયા રસ્તા પર પ્રસન્નતાથી પડતા હતા અને નજીક આવતી જતી સવારનું હું નિરીક્ષણ કરતો હતો.

અમારી ડાબી ને જમણી બંને બાજુએ સુંદર અથવા આકર્ષક પ્રદેશ જોવા મળતો. એ પ્રદેશ કેવળ ઉજ્જડ મેદાની પ્રદેશ નહોતો, કારણ કે ક્ષિતિજ પર જ્યાં જ્યાં નજર પડતી ત્યાં અવારનવાર નાની ટેકરીઓ ને ઊંચા ભાગનું પણ દર્શન થતું. થોરના છોડની વાડની વચ્ચેની આજુબાજુ નીલમના જેવાં દેખાતાં થોડાં ડાંગરનાં ખેતરો જોવા મળતાં.

પરિશ્રમથી ભરેલા ચહેરાવાળો ખેડૂત અમારી પાસેથી પસાર થયો. એ ખેતરમાં કામ કરવા જતો હતો. થોડી વારમાં માથે પિત્તળનો ઘડો મૂકીને આવતી કોઇક છોકરી સામી મળી, એના શરીર પર લાલ રંગના વસ્ત્ર વિના બીજું કાંઇ જ નહોતું. એના

ખભા ઉઘાડા હતા. એને નાકે લાલ રંગની નથની હતી, અને હાથે સવારના ઝાંખા સૂર્યપ્રકાશમાં ચળકતી પોંચી હતી. બ્રાહ્મણ અને મુસલમાન સિવાયના આ બાજુના મોટા ભાગના નિવાસીઓની જેમ તે પણ દ્રાવિડ છે એવું એની ચામડીની કાળાશ પરથી કહી શકાતું. એ દ્રાવિડ છોકરીઓનો સ્વભાવ મોટે ભાગે આનંદી ને સુખી હોય છે, એમના પ્રદેશની સ્ત્રીઓ કરતા તે વધારે વાચાળ અને વિશેષ મધુર સ્વરવાળી હોય છે.

છોકરી અમારી તરફ આશ્ચર્યચકિત થઇને નિષ્કપટ ભાવે જોવા માંડી. એના પરથી મેં અનુમાન કર્યું કે અંગ્રેજો આ અંદરના પ્રદેશની મુલાકાત ભાગ્યે જ લેતા હશે.

એવી રીતે નાનું શહેર આવ્યું ત્યાં સુધી અમે સફર કર્યા કરી. એનાં મકાનો સમૃદ્ધ દેખાયાં, એ મકાનો એક વિશાળ ઊંચા મંદિરની બંને બાજુની શેરીઓમાં બંધાયેલાં હતાં. મારી ભૂલ ન થતી હોય. તો મંદિર બે ફર્લાંગ લાંબુ હતું. એના એક વિશાળ પ્રવેશદ્વાર પાસે પહોંચીને એની સ્થાપત્યકળાની ભવ્યતાનો ઊડતો ખ્યાલ કરી જોયો. અમે એકાદ બે મિનિટ ત્યાં રોકાયા તે દરમિયાન એ જગ્યાની ઉપલક ઝાંખી કરવા મેં અંદર ડોકિયું કર્યું. એના કદની જેમ એની અદ્દ્ભુતતા પણ નવાઇ પમાડે તેવી હતી. એવું સ્થાપત્ય મેં પહેલાં કદી ય જોયું નહોતું. ભૂલભૂલામણ જેવો લાગતો અંદરનો મોટો ભાગ વિશાળ ચોરસથી વીંટળાયેલો હતો. મને લાગ્યું કે આજુબાજુની ચારે ઊંચી દીવાલો સૂર્યના તીખા તાપમાં સૈકાઓ સુધી તપી તથા રંગાઇ હશે. પ્રત્યેક દીવાલને એકેક પ્રવેશદ્વાર હતું. અને એની ઉપર ભવ્ય દેવાલય જેવો દેખાવ કરવામાં આવેલો હતો, એને જોઇને શણગારેલા શિલ્પવાળા પિરામિડની સ્મૃતિ થઇ આવતી. એનો નીચેનો ભાગ પથ્થરનો



બનાવેલો હતો પરંતુ ઉપરનો ભાગ ઇંટો પર ભારેખમ પ્લાસ્ટર કરેલો હોય એમ લાગતું. એ દેવાલય કેટલાય માળમાં વહેંચી નાંખવામાં આવેલું હતું. અને એની સપાટી પર ભાતભાતની અનેક આકૃતિઓ દોરવામાં આવેલી હતી તેમ જ કોતરણી કરેલી હતી. એ ચાર પ્રવેશદ્વાર ઉપરાંત મંદિરની અંદર બીજાં પાંચ દ્વાર જોઇ શકાતાં હતાં. રૂપરેખાની દૃષ્ટિએ જોતાં ઇજિપ્તનાં પિરામિડોને એ મળતાં આવતાં અને એમની સ્મૃતિ કરાવતાં,

લાંબા છાપરાવાળા મઠના ભાગ પર, પથ્થરના અસંખ્ય થાંભલા પર, વચ્ચેના મોટા ખુલ્લા ભાગ પર, ઝાંખાં મંદિરો તથા અંધારી પરસાળ પર તેમ જ બીજાં અનેક નાનાં મકાનો પર મેં છેલ્લી નજર નાંખી જોઇ, અને નજીકના ભવિષ્યમાં એ રસિક સ્થળનું નિરીક્ષણ કરવાની મનોમન નોંધ કરી.

બળદોએ દોડવા માંડયું અને ફરીવાર ખુલ્લા પ્રદેશમાં આવી પહોંચ્યા. અમારી પાસેથી પસાર થતાં દૃશ્યો ઘણાં સુંદર હતાં. રસ્તો લાલ ધૂળથી ઢંકાયેલો હતો. એની બંને બાજુએ નાના છોડવા તથા વચ્ચે વચ્ચે ઊંચા ઝાડનાં ઝુંડ હતાં. એની ડાળીઓમાં કેટલાંય પંખીઓ છૂપાઇ રહેલાં હતાં. એમની પાંખોનો ફફડાટ સાંભળી શકાતો અને દુનિયામાં બધે ગવાતા એમના સમૂહગીતના છેલ્લા સ્વર પણ સાંભળવા મળતા હતા.

રસ્તા પર વચ્ચે વચ્ચે કેટલાંય સુંદર મંદિરો આવતાં. એમની સ્થાપત્યકળાની વચ્ચેનો તફાવત જોઇને મને પહેલાં તો નવાઇ લાગી, પરંતુ પાછળથી જણાયું કે એમની રચના જુદા જુદા જમાનામાં થયેલી છે. એમાંનાં થોડાંક ખૂબ ખૂબ શણગારેલાં, અને હિંદુ પ્રથા પ્રમાણે સારી રીતે કોતરેલાં હતાં, પરંતુ મોટા ભાગનાં તો દક્ષિણ સિવાય ક્યાંય ન દેખાયેલા સપાટ થાંભલાઓને

આધારે ટકી રહેલાં, બે ત્રણ મંદિરો એવાં પણ હતાં જેમની રૂપરેખા કે કોતરણી ગ્રીસનાં મંદિરોની યાદ અપાવતી.

સ્ટેશનથી જેની આછીપાતળી રૂપરેખા જોવા મળેલી તે પર્વતમાળાની તળેટીના પ્રદેશમાં પહોંચ્યા ત્યારે મને લાગ્યું કે અત્યાર સુધી આશરે પાંચથી છ માઈલની મુસાફરી થઈ ચૂકી છે. સવારના ચોખ્ખા સૂર્યપ્રકાશમાં એ પર્વતમાળા રતૂંમડા ભૂખરા રંગના રાક્ષસ જેવી દેખાતી. ધુમ્મસ હવે હઠી ગયું હોવાથી ઉપરનું વિશાળ વ્યોમ સ્પષ્ટ દેખાયું. એની સાથે જ પર્વતમાળા પણ જોઈ શકાઈ. રતૂંમડી જમીન અને ભૂખરા પથ્થરવાળી એ એકાંત પર્વતમાળા મોટે ભાગે ઉજ્જડ હતી, એનો મોટા ભાગનો પ્રદેશ ઝાડ વગરનો અને અવ્યવસ્થિત રીતે આમતેમ પડેલા પથ્થરના જથ્થાઓમાં વહેંચાયેલો હતો.

(ક્રમશઃ)

▭

**IF ONLY WE KNEW!**

Life is full of difficulties and dangers.

The difficulties which God sends us, are few and fruitful; those that we create for ourselves are plenty and without purpose.

**J. P. Vaswani**



**એક જીવંત આધ્યાત્મિક સ્ત્રી સંત**

# શ્રી ઇંદિરાદેવી

મૂળ લેખક : દિલીપકુમાર રોય
સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

**ઈશ્વરને પાંચ મિનિટ પણ આપો, તો આપી જાણો**

ઇંદિરાની આગળ ઘણીવાર લોકો એવી ફરિયાદ કરે છે કે, ‘હું ધ્યાનમાં બેસું છું કે તરત મારું મન ભટકવા માંડે છે, અને હું પ્રભુચરણે એકાગ્ર થઈ શકતો નથી.’ ઇંદિરા એમને કહે છે કે તમે બાકીનો આખો દિવસ તેનો જરા પણ સંપર્ક રાખવાનો પ્રયાસ કરતા નથી, પછી આવું ન થાય તો શું થાય? માણસે જેટલો બને એટલો વખત ઈશ્વરનું સ્મરણ કરવું જોઈએ. એથી મન ટેવાતું જાય છે, અને પરિણામે ધ્યાન શક્ય બને છે. જે નવા માણસો ઇંદિરાની સલાહ લેવા આવે છે તેમને ઇંદિરા હમેશાં એવી જ સલાહ આપે છે કે તમે ગમે તે વ્યવસાય કરતા હો પણ **અડધા અડધા કલાકે એકાદ મિનિટ તો ઈશ્વરનું સ્મરણ કરો જ કરો!** આટલું કરશો તો પણ ઈશ્વરની સાથેનો તમારો સંપર્ક ગાઢ થતો જશે.

આપણે જે કંઈ આપી શકીએ તે આપવું એ આપણા સૌના માટે જરૂરી છે. એમાં હિસાબ કરવાનો ન હોય, યોજનાઓ કરવાની ન હોય! જે કંઈ અલ્પ પણ પ્રભુને આપવાનું તમારી પાસે હોય તે એને આપો—આજે જ આપો!

થોડા દિવસ પહેલાં ઇંદિરાએ એક સાધકને બીજા સાધકને

કહેતો સાંભળ્યો, 'ગઇ કાલે હું ધ્યાનમાં બેસી શક્યો નહોતો, આજે બે કલાક વધારે બેસીશ!' એને ખ્યાલ નથી કે જેટલો વખત એ પ્રભુનું ચિંતન કરવું ભૂલી ગયો, એટલો વખત એણે સદાને માટે ખોયો જ છે.

લોકો કહે છે કે, 'અત્યારે હું જરી મુસીબતામાં છું. આ મુસીબતમાંથી છૂટચો કે, તરત હું પ્રભુનું શરણું લઇ બેસી જવાનો છું.' પરંતુ આ 'આવતીકાલ' કદી આવતી નથી, સમજો તો એ તમારી સામે હરપળ હાજર છે. કોઇ માતા એમ નથી કહેતી કે 'ફલાણું–ઢીંકણું કામ પતી જાય, એટલે આવતી કાલથી હું મારા બાળક પર પ્રેમ કરીશ.' નહિ. આ રસ્તો સાચો નથી. આથી તો અનૃતની શક્તિઓ તમારા સંજોગો સદા આવા ને આવા જ રહે એવું કરશે.

શું ઈશ્વરને તમારા સંજોગોની ખબર નથી? એ જ તો એ સંજોગોના ઘડનાર છે! એ જ તો સંજોગોના માલિક છે. એણે શા માટે એ સંજોગો ઘડચા એની એના સિવાય બીજા કોઇને ખબર નથી. પણ એટલી વાત નક્કી કે આપણે આપી શકીએ તેના કરતાં વધારેની એ આપણી પાસેથી અપેક્ષા રાખતો નથી. રોજની માત્ર પાંચ મિનિટ એને આપી શકીએ તો પાંચ મિનિટ આપો, પણ આપો તો આપી જાણો! પછી એ પાંચ મિનિટ પર તમારો કોઇ હકદાવો નહિ! (આ વાતને પુષ્ટિ આપતો એક દાખલો આપું તો અસ્થાને નહિ ગણાય)

આ એ સમયની વાત છે જ્યારે ચીને ભારત પર આક્રમણ કરેલ. નહેરુ કુટુંબને મા આનંદમયી મા પર અટલ શ્રદ્ધા હતી. એકવાર મા આનંદમયીમાએ જવાહરલાલ નહેરુને એમ કહેલ કે



'તું ચોવીસ કલાકમાંથી આટલો સમય (સમયમર્યાદા યાદ નથી પણ ખૂબ જ ઓછી હતી) મને આપ. એટલો સમય તારા મગજ-માં બીજા કોઇ પણ વિચારને સ્થાન ન હોવું જોઇએ. ફક્ત એ સમય મારા માટે જ હોવો જોઇએ.' આ માટે જવાહરલાલે પોતાની લાચારી દર્શાવેલ.' જો આજે તમે એ ને સંપૂર્ણપણે આત્મસમર્પણ કરી શકતા ન હોતો, એને પ્રાર્થના કરો કે આવતી કાલે તમે એવું કરી શકો. પણ જો આજે આપી શકો તો આજે જ આપો! જો તમે સાચદિલ હશો તો તમે ગમે તે કામ કરતા હશો તોપણ એ ને યાદ કરવાનો વખત સદા તમને મળી જ રહેશે. જો સાચે જ એ ને પામવાની આપણી તમન્ના હશે, તો આપણા સંજોગો ગમે એટલા પ્રતિકૂળ હશે તોપણ એ બદલી નાંખશે. એ બદલશે જ. હું પડકાર કરી કહું છું કે મારી આ વાતને કોઇ ખોટી પાડી શકે એમ નથી. પણ ખરી મુસીબત જ એ છે કે એ ને પામવાની આપણને સાચા દિલની તમન્ના જ નથી.

(ક્રમશઃ)

અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગારોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫ ૧૧૦
એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯

# મહર્ષિ વ્યાસનો જન્મ

મહાત્મા યોગેશ્વરજી

વિશ્વમાં જેનો જોટો જડે તેમ નથી એવા એક લાખ જેટલા શ્લોકવાળા અનોખા મહાભારત ગ્રંથના કર્તા મહર્ષિ વ્યાસનો જન્મ કેવી રીતે થયેલો તે જાણો છો? એ કથા પણ જાણવા જેવી છે.

શાસ્ત્રો અને સંતપુરુષોએ જેમની અસાધારણ શક્તિ તથા બુદ્ધિપ્રતિભાને જોઈને જેમને ઈશ્વરના લોકકલ્યાણ માટે પ્રકટનારા મુખ્ય એવા ચોવીસ અવતારોમાંના એક કહીને અંજલિ આપી એ મહાપુરુષનો આવિર્ભાવ કેવા અસાધારણ સંજોગોમાં અને કેટલી બધી રહસ્યમય રીતે થયો હતો તે પણ જાણવા જેવું છે.

વ્યાસના પિતા પરાશર.

એટલે જ વ્યાસને 'પારાશર્ય' પણ કહેવામાં આવે છે.

એ પરાશર મુનિ એકવાર તીર્થયાત્રા કરવા નીકળ્યા હતા, ત્યારે એક ધન્ય ઘડીએ એમણે મત્સ્યગંધાને જોઈ. તે પોતાના પિતાની સેવા માટે નાવ ચલાવતી'તી.

એ અત્યંત રૂપવતી, સુમધુર સ્મિતવાળી, અને સિદ્ધોના મનને પણ મંત્રમુગ્ધ ને મોહિત કરે તેવી હતી.

મુનિ એને જોઈ મોહિત થઈ ગયા. એમણે એની માગણી કરી.

મત્સ્યગંધાએ શાંતિપૂર્વક સુધામય સ્વરમાં કહેવા માંડયું : 'મુનિવર! તમો નથી જોતા કે નદીને કાંઠે ઋષિઓ છે? એમના દેખતાં આપનો સમાગમ કેવી રીતે થઈ શકે? હું તમારી ઈચ્છા કેવી રીતે પૂરી કરી શકું?'



પરાશર મુનિએ એના પ્રત્યુત્તરમાં, પોતાની અજબ યોગ-શક્તિની મદદથી, ચારે તરફ ધુમ્મસ પેદા કર્યું. એથી આજુબાજુ બધે અંધારું ફરી વળ્યું.

એનું અવલોકન કરીને કન્યા આશ્ચર્યચકિત થઈ ગઈ તથા શરમાઈ ગઈ. એને ખબર ના પડી કે હવે શું કરવું?

મુનિની શક્તિ અપ્રતિમ હતી; અને આવા મહામહિમાવાન, મેધાવી મુનિની માગણીને પાછી ઠેલવી એ એને જરા અટપટું લાગ્યું.

પોતાની કામનાની તૃપ્તિ ના થવાથી મુનિ રોષે ભરાઈને શાપ આપી દે તો? એ પ્રશ્ન પણ વિચારવાનો હતો. છતાં એણે શાંતિથી કહ્યું : 'તમારી કામના પૂરી કરવાથી મારા કન્યાભાવને દોષ લાગે. એ અવસ્થામાં મારાથી કેવી રીતે જીવી શકાય અને ઘેર પણ કેવી રીતે જઈ શકાય? આ વાતનો તમે તટસ્થ રીતે અને શાંતિપૂર્વક વિચાર કરો એવી મારી પ્રાર્થના છે.'

મુનિએ કહ્યું : 'મારી કૃપાથી તારા કન્યાભાવને દોષ નહિ લાગે તેની હું તને ખાતરી આપું છું. હું તારા પર પ્રસન્ન છું. તું મારી પાસે વરદાન માગી લે.'

મત્સ્યગંધાના શરીરમાંથી માછલાં જેવી દુર્ગંધ આવતી હતી. તે દૂર થાય અને પોતાનું શરીર સુવાસિત બની જાય એવું એણે વરદાન માગ્યું.

મુનિએ પોતાના લોકોત્તર તપોબળથી એની મનોકામના પૂરી કરી. મત્સ્યગંધા અદ્‌ભુત સૌરભથી સંપન્ન બની. તેથી એ ગંધવતીના નામથી પણ ઓળખાવા માંડી.

એવી રીતે યમુનાદ્વીપમાં મહર્ષિ વ્યાસનો જન્મ થયો.

મુનિ પરાશર પોતાના આશ્રમે ગયા. અને થોડાક મોટા થતાં વ્યાસ પણ તપશ્ચર્યા કરવા વિદાય થયા.

મહર્ષિ વ્યાસ દ્વીપમાં જન્મ્યા હોવાથી દ્વૈપાયન કહેવાયા.

ધર્મનો હ્રાસ થતો જોઇને તથા યુગદશાનો વિચાર કરીને, તે મહાપુરુષે વેદોનો વ્યાસ અથવા તો શાખાવિભાગ કર્યો તેથી તે 'વ્યાસ' પણ કહેવાયા.

વ્યાસજીનો જન્મ આવી અદ્ભુત રીતે મત્સ્યગંધા અથવા તો સત્યવતીના સંયોગથી થયો છે, છતાં એ પ્રસંગને લક્ષ્ય કરીને શાસ્ત્રોમાં ક્યાંય એમની કે એમના પિતા પરાશરની ટીકા કરવામાં નથી આવી કે એમને હલકી મનોવૃત્તિને વશ થઇને નિંદાપાત્ર ગણવામાં નથી આવ્યા. એ કાંઇ જેવી તેવી વાત છે કે?

એ શું બતાવે છે? એ જ કે એ જમાનામાં લોકો વિશેષ કરીને ગુણાનુરાગી હતા, અને નિરર્થક ચર્ચાવિચારણા અને વ્યક્તિગત આક્ષેપોથી દૂર રહીને મહાપુરુષોની પ્રશસ્તિ કરવામાં માનતા હતા. સર્વશ્રેષ્ઠ મનાતા મહાપુરુષોની મહાનતાને અંજલિ આપવી એ જ સૌનું કર્તવ્ય હતું. લોકોમાં એટલી વિશાળતા હતી. મહર્ષિ વ્યાસ કે મુનિ પરાશરની મહાનતાની પ્રસ્થાપનામાં એ વાત કદી પણ વચ્ચે નથી આવી એ ખાસ યાદ રાખવા જેવું છે.

એક બીજી વાતનો નિર્દેશ પણ આ નાનકડી કથામાંથી આપોઆપ મળી રહે છે.

એ નિર્દેશ છે· મુનિ પરાશરની અસાધારણ શક્તિનો. એમની શક્તિ કેટલી બધી અસામાન્ય—અદ્ભુત હતી?

એના વિના ચારે તરફ ધુમ્મસ પાથરીને મત્સ્યગંધાને એ દૈવી પરિમલનું પ્રદાન ભાગ્યે જ કરી શક્યા હોત.



તુલસીદાસે રામાયણમાં 'સમરથકો નહિ દોષ ગોસાંઇ' કહ્યું છે તે એમના જેવા શક્તિશાળી સંતપુરુષોના જ સંબંધમાં ને?

એ ઉપરાંત, વિશેષવિચારણીય એવી એક ત્રીજી વાત પણ છે.

મુનિ પરાશર આટલા બધા દૈવી શક્તિસંપન્ન, વિદ્વાન, તપસ્વી પુરુષ હોવા છતાં મત્સ્યગંધાને જોઇને મોહિત થઇને તેની સાથે શરીરસંબંધની કામના કરી બેઠા, એ એમની નિર્બળતા કે અલ્પતા હતી એવું ના માની શકાય. એવા મહાવિવેકી, સાધનારત મુનિવર એવી રીતે હાલતાં ચાલતાં કામવશ કે કામુક બની જાય એવું ના કહી શકાય. એવું માનીને કે કહીને, બે ડગલાં આગળ વધીને, એવા નિર્ણય પર પણ ના પહોંચાય કે પરાશર મુનિ જેવા પણ સ્ત્રીને જોઇને કામુક બની ગયા તો આપણે બની જઇએ એમાં શી નવાઇ? એમાં શું અજુગતું? ના, ના. એવો ઉતાવળિયો, અર્થ વગરનો દાખલો ના લેવાય. પરાશર મુનિ કે કોઇક બીજા મુનિ, ઋષિ કે તપસ્વી મોહિત થઇને ભાન ભૂલ્યા હોય તોપણ, એ ઉદાહરણને આદર્શ માનીને બીજાએ એ માર્ગે જવાની અથવા તો એમની નકલ કરવાની જરૂર નથી. જીવનનો ઉચ્ચતમ આદર્શ તો શુદ્ધિ તથા સંયમનો હોઇ શકે, અને એ જ આદર્શ આશીર્વાદરૂપ કે શ્રેયસ્કર થઇ શકે.

પરાશર મુનિ મત્સ્યગંધાને જોઇને ભાન ભૂલ્યા કે અંધ બન્યા એવું માનવાને કોઇ કારણ નથી. ઊલટું, એ તો સંપૂર્ણ સ્વસ્થ હતા, વિવેકી હતા, અને શાંત હતા, એવી છાપ એમના વ્યવહારથી સહેજે પડે છે. માટે તો એમણે મત્સ્યગંધા પર કોઇ પ્રકારનું આક્રમણ ના કર્યું, પરંતુ એને સમજાવી, એની ઇચ્છાનુસાર એને લાભ પહોંચાડી, એની સંમતિ મેળવીને જ જે કરવાનું હતું તે કર્યું. એ વિષયલોલુપ તો હતા જ નહિ. એટલે તો મત્સ્યા-

ગંધાને આટલી સહેલાઈથી છોડીને તપ કરવા ચાલી નીકળ્યા. જો કોઈ વિષયાંધ વ્યક્તિ હોત તો એવું ના કરી શકત. એ તો મત્સ્યગંધાની સંમતિની પ્રતીક્ષા જ ના કરત, એની સંમતિને વજનદાર ના ગણત, એકપક્ષીય રીતે પોતાનું મનમાન્યું કરત, અને મનમાન્યું કર્યા પછી પણ મત્સ્યગંધાનો ત્યાગ ના કરત, અને મત્સ્યાગંધાની વિદાયમાં પણ વ્યવધાન નાંખત. સંસારમાં વિષયી જીવોના જીવનમાં આવું બધું જોવા મળે છે, પરંતુ પરાશરના સંબંધમાં એવું કશું નથી દેખાતું એ શું બતાવે છે? એ જ કે પરાશર એવા પામર વિષયી જીવ ન હતા. એ યોગી હતા, જ્ઞાની હતા, તપસ્વી હતા, સંયમી તથા શુદ્ધ હતા, અને સિદ્ધ હતા.

તો પછી એમણે મત્સ્યગંધાની સાથે સંબંધ કેમ કર્યો? એ પ્રશ્ન સ્વાભાવિક રીતે જ ઊભો થાય છે. પારસ્પરિક સંમતિથી, પવિત્ર પ્રેમભાવથી પ્રેરાઈને થનારો, સ્ત્રી–પુરુષનો એવો સંબંધ એ વખતે અમંગલ કે મલિન નહોતો મનાતો. આધ્યાત્મિક વિકાસમાં માનનારી વ્યક્તિઓ માટે પણ. એ એનો એક જવાબ અને બીજો જવાબ એ કે પરાશર મુનિ પરમ તપસ્વી તથા ક્રાંતદર્શી હતા. પોતાની તપઃપૂત, સહજપ્રાપ્ત દૈવીદૃષ્ટિથી ભવિષ્યમાં ડોકિયું કરી એમણે જોઈ લીધું હોવું જોઈએ કે પોતાની સાથેના સત્યવતીના સ્નેહસંબંધને પરિણામે આખી અવની માટે આશીર્વાદરૂપ એક પરમપ્રતાપી, પ્રતિભાસંપન્ન મહાપુરુષનો જન્મ થવાનો છે. પોતે એમાં નિમિત્તરૂપ બનવાનું છે. ઈશ્વરના એ વિધાનને ઓળખીને એમણે એને શાંતિપૂર્વક વધાવી લીધું અને અલિપ્તભાવે પોતાનું કર્તવ્ય પૂરું કર્યું.

એવી વિશાળ દૃષ્ટિથી વિચારીએ તો જ એ પ્રસંગને ન્યાય કરી શકીએ.



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'મંદોદરી ખરેખર આખીય અવનીના આશ્ચર્યરૂપ છે. એ જેટલી સુંદર તેટલી જ સદ્‌ગુણી અને જેટલી સાધારણ લાગે છે, એટલી જ અસાધારણ છે. એ તમારી ભક્ત છે. બાકી રાવણની બુદ્ધિ તો એવી જ જડ છે.'

'એની બુદ્ધિ જડ હશે તો એ પોતાની મેળે જ પોતાનો નાશ કરશે. બીજું શું થશે?'

વિભીષણ રામના હૃદયાભિરામ રૂપ તરફ મમતાપૂર્વક જોઈ રહ્યો.

રામ, લક્ષ્મણ, સુગ્રીવ અને હનુમાન પણ એને જોઈ રહ્યા.

લક્ષ્મણને વિભીષણને માટે આરંભમાં આપેલા ઉતાવળિયા અભિપ્રાય બદલ અફસોસ થયો.

## નિષ્કામની ભાવના

એક દિવસ સાંજે રામ સૌની સાથે સમુદ્રતટ પર બેસીને કુદરતી સૌંદર્યનું નિરીક્ષણ કરતા વાતચીત કરવા માંડયા.

એમણે એકાએક કહ્યું : 'લક્ષ્મણ, સમુદ્રનું સર્વતીર્થમય પવિત્ર પાણી લાવ.'

લક્ષ્મણ એક પાત્રમાં પાણી લાવ્યો એટલે રામે એને વિભીષણના શરીર પર છાંટયું અને વિભીષણના કપાળે તિલક કરીને

કહ્યું : 'મારે શરણે આવનારનું હું જીવની પેઠે જતન કરું છું. તેને કદી દુઃખી કે નિરાશ નથી થવું પડતું. તમારા પર મને લક્ષ્મણ, હનુમાન અને સુગ્રીવ જેવો જ સ્નેહ છે. વાલીનો નાશ કરીને મેં સુગ્રીવને કિષ્કિધાનું રાજ્ય આપ્યું તેમ આજે તમને પણ રાજ્ય આપવાનો સંકલ્પ કરું છું. તમને આજથી લંકેશ કરું છું. રાવણના મૃત્યુ પછી લંકાનું સમૃદ્ધ રાજ્ય તમને અર્પણ કરીશ.'

વિભીષણે કહ્યું : 'પરંતુ મેં તમારું શરણ રાજ્યની ઇચ્છાથી નથી લીધું. મને રાજા બનવાની ઇચ્છા જરા પણ નથી. હું તો તમારો ભક્ત ને સેવક બનવા માગું છું. એમાં જ મને આનંદ લાગે છે. લંકાના રાજા બનીને મારે તમારા સ્વર્ગીય સાથથી વંચિત નથી થવું.'

'તમારા મનમાં રાજ્યસુખની ઇચ્છા નથી તોપણ હું તમને એ અર્પણ કરું છું. તમારા જેવા નીતિમાન ધર્મપરાયણ પુરુષના હાથમાં સત્તા કે શાસન હોય એ પ્રજાના હિતને માટે અત્યંત આવશ્યક છે. રાવણનો નાશ કરીને હું લંકાનું રાજ્ય તમને જ સુપ્રત કરીશ.'

'પરંતુ રાવણનો નાશ તો થાય!' લક્ષ્મણ બોલી ઊઠયો.

'રાવણનો નાશ જરૂર થશે.' રામ બોલ્યા : 'અને મારું વચન પૂરું થશે. અને નહિ થાય તોપણ વિભીષણને અયોધ્યાનું રાજ્ય અર્પણ કરીશ પણ રાજા તો અવશ્ય બનાવીશ.'

વિભીષણની આંખ ભરાઇ ગઇ.

એણે રામને પ્રણામ કરીને કહ્યું : 'હું તો તમારો અનુગ્રહ જ ચાહું છું. રાજ્યની ચાહના નથી કરતો. એ અનુગ્રહ મારા પર થયા કરે એટલે થયું. મને રાજ્યસુખ કરતાં યે વધારે સુખ મળી રહેશે.'



'રાજ્યની પ્રાપ્તિ પણ મારા અનુગ્રહનું જ પરિણામ હશે. મારી પ્રસન્નતાના પ્રતીકરૂપ એ રાજ્યપ્રાપ્તિ તમારું ને સૌનું કલ્યાણ કરશે.'

સુગ્રીવે કહ્યું : 'રાજ્યસુખ છે તો ઘણું સારું. એની કલ્પના જ આનંદદાયક છે તો એની પ્રાપ્તિ તો કેટલી બધી આનંદપ્રદાયક થઇ પડે? એ સુખ કોઇક વિરલ ભાગ્યશાળી પુરુષને જ પ્રાપ્ત થાય છે. પરંતુ એમાં પડીને જીવ પ્રમાદવશ થઇને તમને ભૂલી ન જાય તો સારું. મારા સંબંધમાં કાંઇક અંશે એવું જ થયેલું. હું પ્રમાદી બની ગયેલો.'

'પરંતુ વિભીષણ કર્તવ્યવિમુખ કે પ્રમાદી નહિ બને. એમની યોગ્યતા જુદી જાતની છે.'

સમુદ્ર પર સૂર્યાસ્તનું દૃશ્ય ઘણું અદ્‌ભુત હતું.

એ જોઇને રામે કહ્યું : સૂર્યાસ્તનો દેખાવ કેટલો બધો અનેરો લાગે છે? એ જોઇને મને સ્નેહમૂર્તિ સીતાનું સ્મરણ થાય છે. આસુરી ભાવોથી ભરેલો અંધકારયુક્ત રાવણ પંચવટીના એકાંત આશ્રમમાંથી એનું હરણ કરવા તૈયાર થયો હશે ત્યારે એનું મુખમંડળ પણ રોષને લીધે આવું જ લાલ બની ગયું હશે. કેમ લક્ષ્મણ?

લક્ષ્મણ કાંઇ બોલ્યો નહિ એટલે રામ થોડીવાર પછી આગળ બોલ્યા : 'સૂર્ય છેવટે સમુદ્રમાં સમાઇ ગયો. કોઇ એનું સફળતાપૂર્વક હરણ કરી ગયું. એવી રીતે એ દુષ્ટ રાવણે પણ સીતાને શોક અથવા સંતાપના સમુદ્રમાં ડૂબાડી દીધી. નિર્દયને દયા ક્યાંથી હોય? એની પાસેથી દયાની આશા રાખવી પણ વ્યર્થ છે. ચારે તરફ જેમ અંધકાર પથરાવા માંડયો તેમ આપણા

જીવનમાં પણ જાનકીના જવાથી અંધકાર ફરી વળ્યો.'

લક્ષ્મણ બોલ્યો : 'જીવનના આકાશમાં જેનો ઉદય થાય છે એનો અસ્ત પણ થઈ જાય છે. જેનો યોગ થાય છે તેનો વિયોગ પણ વેઠવો પડે છે. કોઈ કાયમને માટે એકસરખું, એક સ્થિતિમાં, નથી રહી શકતું. આ સુંદર દૃશ્ય જોઈને મને ઊર્મિલાની સ્મૃતિ થઈ આવી. એના મધુમય મુખમંડળને જોવાનો જીવનમાં આવી મળેલો અવસર એકાએક જતો રહ્યો અને વચ્ચે સાગર જેવા વિશાળ કાળનો પડદો પડી ગયો.'

'પરંતુ કાળનો એ પડદો સંકેલાઈ જશે.' સુગ્રીવે કહ્યું : 'વિયોગ પછી યોગ અને અસ્ત પછી ઉદય પણ આવે છે જ. કુદરતનો એ ક્રમ છે. એ ક્રમ અટળ છે.'

થોડીવારમાં ચંદ્રોદય થવાથી બધે પ્રકાશ ફરી વળ્યો એટલે રામે કહ્યું : 'સુગ્રીવનું કથન સાચું છે. ચંદ્ર એની સાક્ષી પૂરે છે. વિયોગના સાગરને પાર કરીને સીતા પાછી મળી રહેશે. એના શાંત, શીતળ, સુધામય, સુંદર સ્વરૂપનું દર્શન કરવાનો લાભ વળી પાછો મળી રહેશે, રાવણના બંધનમાંથી છૂટેલાં સીતા આવી જ શાંત અને સુધામય હશે.

લક્ષ્મણ ચંદ્રને દેખીને દૂર અયોધ્યામાં બેઠેલી ઊર્મિલાના ભાવિ મિલનનો વિચાર કરવા લાગ્યો. એને થયું કે ઊર્મિલા પણ વરસો પછી પોતાને મળશે ત્યારે આવી જ સુંદર અને સુધામય દેખાશે ને? અરે, આના કરતાં યે વધારે સુંદર અને સુધામય, પરંતુ અત્યારે તો એ કેટલી બધી કૃશ બની ગઈ હશે? એ પોતાનો સમય કેવી રીતે પસાર કરતી હશે? (ક્રમશઃ)

# * ઉપનિષદ્‌ની આવશ્યકતા *

કેટલાક લોકો એમ માને છે કે ઉપનિષદ્ તો વિદ્વાનોને માટે છે, સાધારણ બુદ્ધિવાળાનું તેના વાચનમનનમાં કામ નહિ. તો કોઈક તેને સંસારના વ્યવહાર છોડી દીધા પછી સમજવાની સામગ્રી સમજે છે ને વર્તમાન જીવન સાથે તેને કોઈ સંબંધ નથી એમ માને છે. પણ તે માન્યતા ભૂલભરેલી છે. ઉપનિષદ તો ધર્મપ્રેમી ને જીવનની ઉન્નતિમાં માનનાર દરેક માણસ માટે છે. તે વ્યવહાર કરતાં કરતાં પણ વિચારી કે સમજી શકાય છે, ને તેની સાચી સમજ આપણા વ્યવહાર તેમ જ જીવનને સુંદર ને સરસ બનાવવામાં મહત્ત્વનો ફાળો આપી શકે તેમ છે. એટલે તેનો વિચાર સૌએ કરવાની જરૂર છે. ઉપનિષદ્ કોઈ એક વર્ગની નહિ પણ મનુષ્ય-માત્રની મૂડી છે.

વિચારની જરૂર જીવનમાં ઘણી છે પરંતુ એકલો વિચાર ખાસ કામ નહિ લાગે. વિચાર સાથે તેનો અમલ કે આચાર જોઈશે. આપણે ત્યાં વિચારકોની કમી નથી. વધારે યા ઓછા પ્રમાણમાં વિચાર કરવાની શક્તિ લગભગ દરેક માણસમાં હોય છે. શાસ્ત્રીય જ્ઞાન ને વિદ્વત્તા તથા શાસ્ત્રાભ્યાસમાં પ્રવીણ પુરુષો પણ ઘણા છે. વેદ, ઉપનિષદ્ ને ગીતા જેવા ગ્રંથોના સારભાગને મોઢે બોલી જાય ને તેના પર ઊંડામાં ઊંડો ઉપદેશ આપી શકે ને વિસ્તારથી લખી શકે તેવા પણ ઘણા છે. પણ મુખ્ય જરૂર અનુભવની કે વ્યાવહારિક જીવનમાં તેને ઉતારવાની છે ને તેવા પ્રયોગપ્રેમી પુરુષો થોડા છે. આચારના પ્રયોગમાં પારંગત થયેલા એથી પણ થોડા છે. જીવનને ઉજ્જ્વળ કરવા એવી પ્રયોગપ્રિયતા કે પારંગતતા મેળવવાની જરૂર છે. માટે આપણે આચાર કે વ્યવહાર તરફ વધારે ધ્યાન આપીએ તે જરૂરી છે. જીવનના ઉત્કર્ષ માટે જરૂરી વસ્તુ તે જ છે. તેના વિનાના એકલા મનનથી કોઈ વિશેષ હેતુ નહિ સરે. યોગેશ્વરજી

# * લગ્નજીવન ખોટું નથી *

સ્ત્રી ને પુરુષનો પ્રેમ અથવા દાંપત્યજીવન આત્મોન્નતિ કે ઈશ્વરદર્શનમાં બાધારૂપ છે એવી માન્યતા કેટલાક લોકોમાં પ્રચલિત છે તે પાયા વિનાની ને સત્યથી વેગળી છે એમ કહ્યા વિના ચાલે તેમ નથી. કોઈને માટે તેવો પ્રેમ ને તેવું જીવન નડતરરૂપ થયું હોય તેનો અર્થ એવો નથી કે સૌને માટે તે નડતરરૂપ જ થાય છે ને થશે. કેટલેક ઠેકાણે સ્ત્રી ને શરીરની વધારે પડતી ઘૃણા કરવામાં આવી છે ને નરકની સાથે સરખામણી પણ થઈ છે; તેથી માણસની મમતા ને આસક્તિ ઓછી થતી હોય તો તો સારું, પરંતુ તેને પરિણામે તે તે વસ્તુને તિરસ્કારવાની ને તેનામાં જે ઉચ્ચતા ને ઉપકારકતા છે તેની ઉપેક્ષા કરવાની વૃત્તિ પેદા થાય તો તેથી લાભને બદલે હાનિ જ વધારે છે. સ્ત્રીપુરુષનો પારસ્પરિક પ્રેમ ને દાંપત્યજીવન જીવનને અનેક રીતે મદદરૂપ છે; તેનું સ્વરૂપ વિવેકી, નિર્મળ ને સંયમની સુવાસવાળું બનાવી શકાય તો પ્રભુના સાક્ષાત્કારમાં તે જરાય નડતરરૂપ નથી બલકે મદદરૂપ જ થઈ પડે છે. આપણા લગ્નજીવનને ને પ્રેમસંબંધને વધારે ને વધારે ભાવનામય ને નિર્મળ કરવાની જરૂર છે એટલું જ. એટલે બ્રહ્મચર્ય કે પવિત્રતાને નામે સંસારની આ સહજતા ને વિશેષતાને વગોવવાની જરૂર નથી; ફક્ત તેનો સદુપયોગ કરતાં શીખવાની જરૂર છે. તેથી જ ભારતીય સંસ્કૃતિમાં લગ્ન, પ્રેમ ને ગૃહજીવનને વખાણવામાં આવ્યાં છે; ગૃહસ્થાશ્રમનાં ગુણગાન ગાયાં છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.